P.07



અનુષ્કા શર્મા ઇન્ડસ્ટ્રીના ખાનથી ખૂબ જ ડરે છે, તેણે પોતે જ જણાવ્યું

ગુજરાતનું વિશ્વસનીય દૈનિક

# લોક પત્રિકા

www.lokpatrika.in LOK PATRIKA RNI No : GUJGUJ/2022/83673

P.07

રશ્મિકા મંદાન્નાએ બે અભિનેતાઓને પોતાની સફળતાનો શ્રેય આપ્યો



તંત્રી : અવેશ માલવિયા | સ્થાપના ૨૦૧૦ | વર્ષ : ૦૩ અંક : ૧૨૧ | વિક્રમ સંવત ૨૦૮૧ : માગશર સુદ ૦૬ | પાના - ૦૮ | કિંમત : ૪ | અમદાવાદ (ગુજરાત)

Editor : Avesh K Malaviya • Year : 03 • Issue : 121 • Dt. 07-12-2024 Saturday • Page 08 • Price : Rs. 4 • Office : G-1301, Sardar Patel Nagar, Shastrinagar Char Rasta, Near Anmol Tower, Naranpura, Ahmedabad-380013 • E-mail : lokpatrikanews1@gmail.com • Mob. 98252 52125


પોલીસે ખેડૂતો પર ટીયર ગેસના શેલ છોડ્યા । કિસાનોની અટકાયત



07

07
DECEMBER- 2024
SATURDAY



07

પીએમ મોદીની ઈન્ડિયા ફર્સ્ટ નીતિના કારણે આજે ત્યાં સ્થિર સ્થિતિ છે : પુતિન

### ૨૫.૨૫ લાખનો સોનાનો મુદ્દામાલ ચોરી કર્યો હતો

# ગાંધીધામમાંથી ઈડીના ૧૨ નકલી અધિકારીઓ ઝડપાયા । રાધીકા જ્વેલર્સને ત્યાં પાડી હતી રેડ

**બનાવ બાબતે ગાંધીધામ એ. ડીવીઝન પોલીસ સ્ટેશન ખાતે બીએનએસ. કલમ-૩૦૫, ૨૦૪, ૬૧(૨) (એ) મુજબનો ગુનો નોંધવામાં આવ્યો હતો**

| પ્રતિનિધિ, ભુજ, તા.૬ |

પૂર્વ કચ્છના ગાંધીધામ વિસ્તાર સ્થિત રાધીકા જ્વેલર્સ અને તેમના મકાનમાં નકલી ઈડીના અધિકારી બની ખોટી રેડ દર્શાવી ચોરી કરી ગુનો કરનાર ૧૨ લોકોની ટોળકી ઝડપાઈ છે. ૨ ડિસેમ્બરના રોજ ઈડીના નકલી અધિકારી બનીને રાધિકા જ્વેલર્સ પેઢીના માલિક તથા તેના ભાઈઓના રહેણાક મકાને જઈ રેડ દર્શાવી સોના ચાંદી તથા રોકડ રકમનો મુદામાલ ચેક કરી ૨૫.૨૫ લાખનો સોનાનો મુદામાલ ચોરી કર્યો હતો.૨ ડિસેમ્બરના રોજ આ નકલી ઈડી ના આરોપીઓએ ગાંધીધામ ખાતે આવેલ રાધીકા જ્વેલર્સ પેઢીના માલિક તથા તેના ભાઈઓના રહેણાક મકાને જઈ ઈડીના અધિકારી તરીકે ઓળખ આપી હતી. ત્યાં આ સંગઠીત



ટોળકીએ રેડ દર્શાવી ફરીયાદીના મકાનમાં હાજર સોના-ચાંદી તથા રોકડ રકમનો મુદામાલ ચેક કરી તેમાંથી સાહેદની જાણ બહાર ૨૫,૨૫,૨૨૫ રૂપિયાનો સોનાનો મુદામાલની ચોરી કરી હતી. જે બનાવ બાબતે ગાંધીધામ એ. ડીવીઝન પોલીસ સ્ટેશન ખાતે બીએનએસ. કલમ-૩૦૫, ૨૦૪, ૬૧(૨) (એ) મુજબનો ગુનો નોંધવામાં આવ્યો હતો.પૂર્વ કચ્છ એલસીબી અને એ ડિવિઝન પોલીસની ટીમે કરી કાર્યવાહીઃ ગુનાની ગંભીરતાને ધ્યાને લઈ ગુનેગારને તાત્કાલીક શોધી કાઢવા માટે પૂર્વ કચ્છ પોલીસ અધિક્ષક સાગર બાગમારના સીધા સુપરવિઝનમાં, પ્રોબેશન આઈપીએસ વિકાસ યાદવ, નાયબ પોલીસ અધિક્ષક મુકેશ ચૌધરીના માર્ગદર્શન હેઠળ પૂર્વ કચ્છ એલ.સી.બી. પીઆઈ એન.એન. ચુડાસમા, ગાંધીધામ એ ડિવિઝન પોલીસ સ્ટેશનના પીઆઈ એમ.ડી. ચૌધરીની આગેવાનીમાં એલ.સી.બી. સ્ટાફ તથા એ ડીવીઝન પોલીસ સ્ટેશનની અલગ અલગ ટીમો બનાવવામાં આવી હતી.પોલીસની ટીમો દ્વારા ટેકનીકલ સર્વેલન્સ, હ્યુમન સોર્સ તથા સીસીટીવી ફુટેજ આધારે આરોપીઓની ઓળખ મેળવી તેમને ઝડપી પાડવા અલગ-અલગ ટીમો ભુજ, અમદાવાદ તથા ગાંધીધામ ખાતે તપાસ કરવા ગઈ હતી.
















લોક પત્રિકા સીટી ઓફીસ : ૭૨, સિટી સેન્ટર, સ્વસ્તિક ચાર રસ્તા પાસે, સી.જી. રોડ, નવરંગપુરા, અમદાવાદ । સમાચાર માટે : ૯૮૨૫૨ ૫૨૧૨૫ । જાહેરાત માટે : ૭૦૧૬૬ ૯૨૦૬૬

## રાજકોટમાં ત્યક્તા પર દુષ્કર્મ: ભૂતપૂર્વ એસઓજી જવાન પર આરોપ

। પ્રતિનિધિ, રાજકોટ, તા.૬ ।

રાજકોટમાં એસઓજીના નામે જીઆરડીના પૂર્વ જવાને દુષ્કર્મ આચર્યુ છે.જીઆરડીના પૂર્વ જવાને ત્યકતા સાથે દુષ્કર્મ આચર્યું છે. લગ્નની લાલચ આપી હોટેલ અને ઘરે દુષ્કર્મ આચર્યુ હતું. ત્યક્તાએ સંબંધો તોડતા ફોટો અને વિડીયો વાઈરલ કર્યા હતા. સમગ્ર મામલે ગાંધીગ્રામ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાઈ હતી. પોલીસે આરોપીને પકડવા ચક્રો ગતિમાન કર્યા છે. આશિષ રાવલ નામના શખ્સ સામે ગુનો નોંધાયો છે.આ પહેલા દુષ્કર્મના આવા જ એક બનાવમાં રાજકોટમાં એક ડોક્ટરે પરિણીતા સાથે દુષ્કર્મ આચરતા તેની વિરૂદ્ધ ગુનો નોંધવામાં આવ્યો છે. દવા લેવા ગયેલી મહિલાને નંબર લઈને તે અવારનવાર તેને ક્લિનીક પર બોલાવી તેની સાથે શારીરિક સંબંધ બાંધતો હોવાનું પોલીસ ફરિયાદમાં જણાવાયું છે. આ અંગે પોલીસ વધુ તપાસ કરી રહી છે.આ બનાવની વિગત મુજબ રાજકોટમાં કૃષ્ણનગર મેઈન ચોકમાં ડો. એલ.જી.મોરી નયન ક્લિનીક ધરાવે છે.

## વિરમગામ-ધ્રાંગધ્રા હાઈવે પર એમડી ડ્રગ્સનું વેચાણ કરનારો આરોપી ઝડપાયો

। પ્રતિનિધિ, અમદાવાદ, તા.૬ ।

ગુજરાતમાં નશાકારક પદાર્થ પર પ્રતિબંધ હોવા છતા અવારનવાર નશાકારક પદાર્થ ઝડપાતા હોય છે. ત્યારે સુરેન્દ્રનગરના વિરમગામ-ધ્રાંગધ્રા હાઈવે પર એમડી ડ્રગ્સનું વેચાણ કરનારો ઝડપાયો છે. બજાણા ગામ પાસે હોટેલ નજીક એસઓજીની રેડમાં એક આરોપી ઝડપાયો છે. જ્યારે અન્ય એક આરોપી ફરાર થયો છે.આરોપી વિરમગામથી એમડી ડ્રગ્સનું વેચાણ કરવા આવ્યો હોવાનો ખુલાસો થયો હતો. આરોપી પાસેથી ૨.૯૨ ગ્રામ એમડી ડ્રગ્સ સહિત ૩૭ હજારનો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો હતો. અન્ય એક આરોપીને ઝડપવા માટે પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.બીજી તરફ આ અગાઉ રાજકોટના ગવરીદડ નજીક ગાંજાના જથ્થા સાથે એક શખ્સ ઝડપાયો હતો. એસઓજીએ જગદીશ બિશ્નોઈ નામના શખ્સને ૯ કિલો ગાંજા સાથે ઝડપ્યો હતો.

### આગામી ૬ થી ૮ મહિનામાં સમગ્ર રાજ્યના ખેડૂતોને દિવસે વીજળી પૂરી પાડવાની નેમ છે

# રવી કૃષિ મહોત્સવ-૨૦૨૪નો રાજ્ય વ્યાપી પ્રારંભ સરદાર કૃષિનગર દાંતીવાડાથી કરાવતા મુખ્યમંત્રી

**કૃષિ ક્રાંતિમાં દેશનું દિશાદર્શન કરનારું રાજ્ય બનાવવાનો ધ્યેય વડાપ્રધાનની પ્રેરણાથી શરૂ થયેલા કૃષિ મહોત્સવની સફળતાથી સાકાર થયો : સીએમ**

। પ્રતિનિધિ,પાલનપુર, તા.૬ ।




મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે રવી કૃષિ મહોત્સવ-૨૦૨૪નો રાજ્ય વ્યાપી પ્રારંભ બનાસકાંઠાના દાંતીવાડામાં સરદાર કૃષિ નગરથી કરાવતા સ્પષ્ટપણે જણાવ્યું કે, રાજ્ય સરકાર હરપળ ખેડૂતોની પડખે ઊભી રહેવા તૈયાર છે.તેમણે કહ્યું કે, ખેડૂતો અને કૃષિ ક્ષેત્રના વિકાસની ઈચ્છાશક્તિ હોય તો કેવા મોટા બદલાવો લાવી શકાય તે વડાપ્રધાનનરેન્દ્રભાઈ મોદીની વિઝનરી લીડરશીપમાં ગુજરાતે જ્યોતિગ્રામ યોજનાથી સતત વીજળી, સિંચાઈ વ્યવસ્થાપનથી ખેડૂતોને સિંચાઈ માટે પૂરતું પાણી વગેરે આપીને પુરવાર કર્યું છે.મુખ્યમંત્રીએ ઉમેર્યુ કે, કૃષિ ક્રાંતિમાં દેશનું દિશાદર્શન કરનારું રાજ્ય બનાવવાનો ધ્યેય વડાપ્રધાનની પ્રેરણાથી શરૂ થયેલા કૃષિ મહોત્સવની સફળતાથી સાકાર થયો છે. ખેડૂત પોતાના ખેતરમાં કયો પાક લઈ શકે તેમજ કૃષિમાં વેલ્યુ એડિસન સહિતની સમજ તથા માર્ગદર્શન આવા કૃષિ મહોત્સવમાં કૃષિ વૈજ્ઞાનિકો ખેડૂતોને સામે ચાલીને આપે છે.આ ઉપરાંત ડ્રોનનો ખેતીમાં ઉપયોગ અને ફાર્મ મિકેનીઝમને રાજ્ય સરકાર પ્રોત્સાહન આપી ખેડૂતોને આ માટે પણ સહાય આપે છે તેનો લાભ લેવા મુખ્યમંત્રીએ અનુરોધ કર્યો હતો.આ સંદર્ભમાં મુખ્યમંત્રીએ કહ્યું કે, તાજેતરમાં કમોસમી વરસાદ - વાવાઝોડાની આફતથી પાકને થયેલા નુકશાન સામે ખેડૂતોને રૂ. ૧૪૧૯ કરોડનું જે પેકેજ સરકારે આપ્યું છે તેમાંથી ૧૨૦૦ કરોડ જેટલી રકમ ચૂકવી પણ આપી છે.મુખ્યમંત્રીએ કૃષિ મહોત્સવો ટેકનોલોજી યુક્ત આધુનિક ખેતી માટે દિશાદર્શક બન્યા છે તેની ભૂમિકા આપવા સાથે એમ પણ જણાવ્યું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈએ સમય કરતાં આગળનું વિચારીને પ્રાકૃતિક ખેતી માટે આહવાન કર્યું છે.મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ખેડૂતોને એક-બે એકર થી શરૂ કરીને આ પ્રાકૃતિક ખેતીનો વ્યાપ વધારતા જઈ જમીન અને માનવી બેયનું સ્વાસ્થ્ય બગડતું અટકાવવા ગાય આધારિત પ્રાકૃતિક ખેતી વધુને વધુ ધરતીપુત્રો અપનાવે તેવું પ્રેરક સૂચન પણ કર્યું હતું. રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીએ પ્રાકૃતિક ખેતીનું જે અભિયાન ચલાવ્યું છે તેના પરિણામે અત્યાર સુધીમાં રાજ્યના અંદાજે ૯.૮૫ લાખ ખેડૂતોએ પ્રાકૃતિક ખેતી અપનાવી છે તેમ પણ તેમણે ઉમેર્યુ હતું.મુખ્યમંત્રીએ ખેતી માટે સિંચાઈ અને વીજળીની મહત્તા વર્ણાવતા એમ પણ જણાવ્યું કે, દિવસે વીજળી આપવાની ખેડૂતતોની માંગણી અંગે રાજ્ય સરકાર આયોજન બદ્ધ રીતે આગળ વધી રહી છે. આગામી ૬ થી ૮ મહિનામાં સમગ્ર રાજ્યના ખેડૂતોને દિવસે વીજળી આપવાની નેમ પણ શ્રી ભૂપેન્દ્ર પટેલે દર્શાવી હતી.રવી કૃષિ મહોત્સવ-૨૦૨૪ તા. ૬ અને ૭ ડિસેમ્બર દરમિયાન રાજ્યના ૨૪૬થી વધુ તાલુકામાં યોજાવાનો છે. આ કૃષિ મહોત્સવનો રાજ્યવ્યાપી પ્રારંભ કરાવતા મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ૧૨ જેટલા પ્રગતિશીલ ખેડૂતોને પોતાની આગવી કોઠાસુઝથી કૃષિ ક્ષેત્રે કરેલા સંશોધન માટે સરદાર પટેલ કૃષિ સંશોધન પુરસ્કારથી સન્માનિત કર્યા હતા.

## ધારાસભ્યની પજવણીથી કંટાળી રાજીનામું આપ્યું હોવાનો મહિલા પ્રમુખનો આક્ષેપ

। પ્રતિનિધિ, પાલનપુર, તા.૬ ।

બનાસકાંઠા જિલ્લાના ડીસામાં છેલ્લા કેટલાક સમયથી ભાજપનો આંતરિક કકળાટ ચરમસીમાએ પહોંચ્યો છે. જો કે હવે ભાજપનો આંતરિક કકળાટ ઉભરીને બહાર આવ્યો છે. ડીસા નગરપાલિકા પ્રમુખ તરીકે સંગીતાબેન દવેએ ૧૫ માસ અગાઉ ચાર્જ સંભાળ્યો ત્યારથી જ ભાજપમાં આંતરિક વિખવાદ જોવા મળી રહ્યો હતો. એક તરફ ડીસા નગરપાલિકા પ્રમુખ તરીકે સંગીતા દવેનું નામ જાહેર થતા જ બીજી તરફ ડીસા પાલિકાના ઉપપ્રમુખ તેમજ કેટલાક ભાજપના જ સભ્યો પોતાના રાજીનામાં સાથે પ્રમુખ વિરુદ્ધ રજૂઆત લઈ ભાજપ કાર્યાલય ખાતે પહોંચી ગયા હતા. જોકે પ્રમુખ સંગીતાબેન દવેને પ્રમુખ પદ સોંપાતા જ ભાજપના કેટલાક સભ્યોએ પ્રમુખ સામે મોરચો માંડી દીધો હતો. જોકે છેલ્લા ચાર માસથી આ વિવાદ એટલો વકર્યો કે ભાજપનો આંતરિક કકળાટ ઉભરીને બહાર આવી ગયો હતો. જો કે હવે ભાજપનો આંતરિક કકળાટ ઉભરીને બહાર આવ્યો છે.

## ભાવનગરની સમરસ હોસ્ટેલમાં જીવાત નીકળતા હોબાળો મચી ગયો

। પ્રતિનિધિ, ભાવનગર, તા.૬ ।

ભાવનગરમાં ફરી એકવાર ખોરાકમાં જીવજંતુઓ જોવા મળ્યા. જેમાં શહેરની સમરસ બોયઝ હોસ્ટેલમાં વિદ્યાર્થીઓના ખોરાકમાં જંતુઓ જોવા મળ્યા હતા. જે બાદ એક વિદ્યાર્થીએ જંતુનો ફોટો લીધો હતો. જેના કારણે વિદ્યાર્થીઓને રસોડામાં મોબાઈલ ફોન લઈ જવા પર પ્રતિબંધ મુકવામાં આવ્યો હતો.હોસ્ટેલમાં ફૂડ મળી આવતાં એનએસયુઆઈના કાર્યકરોને ફરિયાદ પત્ર આપવામાં આવશે. જેમાં તેમણે જણાવ્યું હતું કે, જો આવતીકાલ સુધીમાં ખોરાકમાં જંતુઓ દેખાવાનું બંધ નહીં થાય તો ફરિયાદ પત્ર આપવામાં આવશે. જો કે આ ઘટનાને કારણે વિદ્યાર્થીઓને બહારથી ખાવાનું મંગાવવું પડી રહ્યું છે.હોસ્ટેલ અને હોટલોમાં ખોરાકમાં જીવાત મળી આવવાની આવી ઘટનાઓ ઘણા સમયથી જોવા મળી રહી છે. કેટલાક કિસ્સાઓમાં, લોકોને આ કારણે હોસ્પિટલ પણ જવું પડે છે.

## કચ્છ ફરી ધણધણ્યું : રાપરમાં ૨.૮ની તીવ્રતાનો ભૂકંપનો આંચકાથી લોકોમાં ફફડાટ

। પ્રતિનિધિ, ભુજ,તા.૬ ।

કચ્છના રાપર સહિત આસપાસના વિસ્તારમાં ભૂકંપનો આંચકો અનુભવાયો છે. બપોરે ૧:૫૯એ ૨.૮ની તીવ્રતાનો ભૂકંપનો આંચકો અનુભવાયો હતો. ભૂકંપનું કેન્દ્રબિંદુ રાપરથી ૧૨ કિમી વેસ્ટ સાઉથ વેસ્ટ દૂર નોંધાયું છે. ભૂકંપનો આંચકો આવતા સ્થાનિકોમાં ફફડાટ મચ્યો છે.મળતી માહિતી મુજબ, કચ્છમાં અવાર-નવાર ભૂકંપના આચકા આવી રહ્યા છે. જેનું મુખ્યા કારણ એ છેકે, ૨૦૦૧ના વિનાશક ભૂકંપ બાદ જિલ્લામાં ભૂકંપના નાના નાના આંચકાઓનો સિલસિલો અવિરતપણે ચાલુ રહ્યો છે. આજે કચ્છના રાપર સહિત આસપાસના વિસ્તારમાં ભૂકંપનો આંચકો અનુભવાયો છે. બપોરે ૧:૫૯એ ૨.૮ની તીવ્રતાનો ભૂકંપનો આંચકો અનુભવાયો હતો. ભૂકંપનું કેન્દ્રબિંદુ રાપરથી ૧૨ કિમી વેસ્ટ સાઉથ વેસ્ટ દૂર નોંધાયું છે. ભૂકંપનો આંચકો આવતા સ્થાનિકોમાં ફફડાટ મચ્યો છે.થોડા દિવસ અગાઉ ૧૮ નવેમ્બરે પણ કચ્છના અનેક વિસ્તારમાં ભૂકંપના આંચકા અનુભવાયા હતા. ભૂકંપ આવતા રાપર, ભચાઉ, ગાંધીધામ સહિતના વિસ્તારોમાં ધરા ધ્રૂજી. જેમાં કચ્છના રાપરથી ૨૬ કિ.મી. દૂર ભૂકંપનું કેન્દ્રબિંદુ નોંધાયું હતું. આ સાથે ઉત્તર ગુજરાતમાં પાટણ સહિતના વિસ્તારોમાં ભૂકંપના ઝટકા અનુભવાયા હતા.

### ભારતીય આંતરરાષ્ટ્રીય વ્યાપાર મેળામાં

# ગુજરાત રાજ્યના કારીગરોએ આશરે રૂપિયા ૧.૨૫ કરોડથી વધુના ઉત્પાદનોનું વેચાણ કર્યું

। પ્રતિનિધિ, અમદાવાદ, તા.૬ ।

ભારત સરકાર દ્વારા ગત તા. ૧૪ થી ૨૭ નવેમ્બર દરમિયાન નવી દિલ્હીના પ્રગતિ મેદાન ખાતે ‘‘ભારતીય આંતરરાષ્ટ્રીય વ્યાપાર મેળા’’નું આયોજન કરવામાં આવ્યું હતું. ગુજરાતની વિરાસત સમા હાથશાળ અને હસ્તકલાને વિશ્વ સમક્ષ ઉજાગર કરવામાં મુખ્ય ઉદ્દેશ્ય સાથે ગરવી ગુર્જરીએ આ મેળામાં ભાગ લીધો હતો. ગરવી ગુર્જરી દ્વારા આ મેળામાં રાજ્યના હાથશાળ અને હસ્તકલા કારીગરો દ્વારા તૈયાર કરવામાં આવેલા ઉત્પાદનોનું પ્રદર્શન સહ વેચાણ કરવામાં આવ્યું હતું. જેમાં ગરવી ગુર્જરીએ અધધ રૂ. ૧.૨૫ કરોડથી વધુના ઉત્પાદનોનું વેચાણ કરવાની સિદ્ધિ હાંસલ કરી છે.વન ડિસ્ટ્રિક્ટ, વન પ્રોડક્ટ હેઠળ ગુજરાતના વિશેષ ઉત્પાદનોને ભારતભરમાં પ્રોત્સાહિત કરવા તેમજ પરંપરાગત કળા, હાથશાળ અને હસ્તકલા સાથે સંકળાયેલા કારીગરોને એક ઉત્તમ મંચ પ્રદાન કરવા માટે ગુજરાત રાજ્ય હાથશાળ અને હસ્તકલા વિકાસ નિગમે (ગરવી ગુર્જરીએ) આ મેળામાં ભાગ લીધો હતો. જેમાં વિવિધ પુરસ્કારથી સન્માનિત ૦૬ કારીગરો સહિત ગુજરાતના કુલ ૬૦ કારીગરોએ પોતાના ૨૦થી વધુ ઉત્કૃષ્ટ ઉત્પાદનોનું પ્રદર્શન સહ વેચાણ કર્યું હતું. આ પ્રદર્શન દરમિયાન ગુજરાતની પરંપરાગત હાથવણાટ અને હસ્તકલાની સુંદર ચીજવસ્તુઓને મુલાકાતીઓ તરફથી અપાર પ્રશંસા મળી હતી.આ પ્રદર્શનના માધ્યમથી ગુજરાતના સાંસ્કૃતિક વારસાને જાળવી રાખવા અને પ્રોત્સાહન આપવા માટે ગરવી ગુર્જરીની પ્રતિબદ્ધતા સ્પષ્ટ થઈ હતી. પ્રદર્શન દરમિયાન ગરવી ગુર્જરીએ ગ્રાહકોને આકર્ષવામાં સફળતા તો મેળવી જ, પરંતુ કારીગરોને વિશાળ કલાપ્રિય ગ્રાહકો સાથે સંપર્ક કરાવી નોંધપાત્ર તકો પણ ઊભી કરી હતી. રાજ્ય સરકારની આ પહેલ સ્થાનિક કારીગરોને સશક્ત બનાવવા અને ટકાઉ આજીવિકાને પ્રોત્સાહન આપવાના ઉદ્દેશ્યને પરિપૂર્ણકરે છે. ગુજરાતની વિરાસત સમા હાથશાળ અને હસ્તકલાને વિશ્વ સમક્ષ ઉજાગર કરવામાં મુખ્ય ઉદ્દેશ્ય સાથે ગરવી ગુર્જરીએ આ મેળામાં ભાગ લીધો હતો.



## ગુજરાત કેન્સર સોસાયટીની સમગ્ર ટીમ માનવતાની સેવા કરી રહી છે

# દુનિયાનું સૌથી મોટું સુખ નિરોગી શરીર છે । સારાં સ્વાસ્થ્યથી મોટું કોઈ ધન નથી : રાજ્યપાલ

### જો આજે વિદ્યાના કોઈ કેન્દ્ર ન હોત, તો આટલા મોટા ડોક્ટર્સ પણ ના હોત : આચાર્ય દેવવ્રતજી

। પ્રતિનિધિ, અમદાવાદ, તા.૬ ।

રાજ્યપાલ આચાર્ય દેવવ્રતજીએ જણાવ્યું હતું કે, પોતાનામાં પ્રતિકાપણું તો સૌ કોઈ જુએ છે, પરંતુ અન્યમાં પોતીકાપણ જુએ તે જ સૌથી મહાન છે, તેનું નામ જ માનવતા છે. જ્યારે, કોઈ વ્યક્તિ અન્ય દુ:ખી વ્યક્તિની દવા બની જાય, તેનો સહારો બની તેના કષ્ટને પોતાના બનાવી તેના સુખ-દુ:ખનો સાથી બને તેનાથી મોટો આત્માનો વિકાસ કોઈ જ નથી. આ સૌથી મોટો સેવા ભાવ છે.અમદાવાદની જી.સી.એસ. મેડિકલ કોલેજ ખાતે યોજાયેલ ગુજરાત કેન્સર સોસાયટીની ગવર્નિંગ કાઉન્સિલ અને વાર્ષિક સાધારણ સભાને સંબોધતા રાજ્યપાલ આચાર્ય દેવવ્રતજીએ જણાવ્યું હતું કે, ગુજરાત કેન્સર સોસાયટીની સમગ્ર ટીમ માનવતાની સેવા કરી રહી છે, આ કામ ખૂબ જ પ્રશંસનીય છે અને તમે બધા પ્રશંસાને પાત્ર છો. કારણ કે દુનિયાનું સૌથી મોટું સુખ નિરોગી



શરીર છે. સારાં સ્વાસ્થ્ય થી મોટું કોઈ ધન નથી. તમે ડોકટર્સ આવા રોગગ્રસ્ત લોકોને સ્વસ્થ બનાવવાનું કાર્ય કરો છો અને તમારી વિદ્યા દ્વારા અન્યને જીવન આપવાનું કાર્ય કરો છો. દર્દીઓની દયાભાવથી સેવા કરવાને તમે જે ઈશ્વરીય કાર્ય માનો છો, તે જ સાચો માનવ ધર્મ છે. અને તેને જ 'નર સેવા નારાયણ સેવા' કહી છે.

રાજ્યપાલએ વધુમાં જણાવ્યું હતું કે, જો આજે વિદ્યાના કોઈ કેન્દ્ર ન હોત, તો આટલા મોટા ડોકટર્સ પણ ના હોત. એટલે વિદ્યાનું દાન દુનિયાનું સૌથી શ્રેષ્ઠ દાન છે. દુનિયામાં જે વિકાસ આપણે જોઈએ છે અને જીવનને સુખદ રીતે જીવવાની જે સુવિધાઓ આપણને મળી છે, જીવનને સરળ અને સરસ બનાવવાની જે પરિકલ્પના થઈ છે, તે બધી જ શિક્ષિત લોકોના સહયોગનું પરિણામ છે. એટલે, વધુમાં વધુ શિક્ષાના કેન્દ્રો બને અને તેમાં જીસીએસ મેડિકલ કોલેજ અને રિસર્ચ ઈન્સ્ટિટ્યૂટ સ્વાસ્થ્યનું શિક્ષાનું કેન્દ્ર બને તેવી આશા વ્યક્ત કરી હતી.રાજ્યપાલ આચાર્ય દેવવ્રતજીએ દાતાઓને અભિનંદન પાઠવતા જણાવ્યું હતું કે, જી.સી.એસ. કોલેજ જેવા વિદ્યા કેન્દ્રો માટે સહયોગ આપવો અને પોતાના દાનનો સદુપયોગ કરવો એ બહુ મોટું પુણ્ય અને ધર્મનું કામ છે. દાતાઓ આવી સંસ્થાઓને સહયોગ કરીને પોતાના ધનને પવિત્ર કરવાની સાથે સારા કર્મનું ભાથું પણ બાંધે છે.રાજ્યપાલએ વધુમાં કહ્યું કે, આ મેડિકલ કોલેજ અને કેન્સર સોસાયટીના નિર્માણથી હજારો લોકોની સેવા થઈ રહી છે. અનેક લોકોને તમે જીવનદાન આપો છો, જે દુનિયાનું સૌથી મોટું સુખ છે. તમે લોકોએ જે મિશન સાથે રાત દિવસ દુ:ખી લોકોના દુ:ખને પોતાનું દુ:ખ માનીને બીજાના દર્દને દૂર કરવા પોતાના જીવનનું ધ્યેય બનાવી લીધું છે, આનાથી મોટી માનવસેવા કોઈ નથી.

## સુરતમાં હની ટ્રેપની વધુ એક ઘટના નોંધાઈ

# સુરતમાં હની ટ્રેપની ઘટના : વેપારી પાસેથી રૂપિયા ૧.૭૦ લાખ પડાવ્યા

। સુરત, તા.૬ ।

સુરતમાં હની ટ્રેપની વધુ એક ઘટના નોંધાઈ છે. કતારગામમાં પોલીસનો સ્વાંગ રચીને વેપારીને હની ટ્રેપમાં ફસાવી ૧.૭૦ લાખ રૂપિયા પડાવવામાં આવ્યા છે. યુવતી સાથે વેપારીનો વિડીયો ઉતારીને ખંડણી માંગવામાં આવી હતી. ખંડણી વસૂલનારા ચારેય આરોપીની ધરપકડ કરવામાં આવી છે. મોબાઈલની દુકાન ધરાવતો યુવક હની ટ્રેપનો ભોગ બન્યો છે.

યુવકને નીલકંઠ સોસાયટીમાં આવેલા મકાનમાં બોલાવીને ફસાવવામાં આવ્યો હતો. શખ્સોએ પોલીસની ઓળખ આપીને રૂપિયા પડાવ્યા હતા. રૂપિયા ઓનલાઈન પડાવીને યુવકની બાઈક પણ લીધી હતી. વેપારીએ ફરિયાદ નોંધાવતા આરોપીઓની ધરપકડ કરવામાં આવી છે. સુરતની કતારગામ પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

લલના સાથે વેપારીનો અર્ધનગ્ન વિડીયો ઉતારીને ખંડણી માંગવામાં આવી છે. ખંડણી વસૂલનારા ચારેય આરોપીની ધરપકડ કરવામાં આવી છે. સુરતના વરાછામાં મોબાઈલની દુકાન ધરાવતો યુવક હની ટ્રેપનો ભોગ બન્યો છે. તેને પહેલા તો પરિચિત મહિલાએ કોલ કર્યો હતો. આ મહિલાની સાથે રહેલી લલનાએ શરીર સુખની ઓફર આપી કતારગામ ખાતે બોલાવ્યો હતો.

નીલકંઠ સોસાયટીમાં આવેલા મકાનમાં બોલાવી હની ટ્રેપમાં ફસાવ્યો હતો. હાથમાં હાથકડી લઈ આવેલા શખ્સોએ પોલીસની ઓળખ આપી રૂપિયા પડાવ્યા હતા. મની ટ્રાન્સફરથી રૂપિયા ઓનલાઈન પડાવી યુવકની બાઈક પણ લઈ લીધી હતી. એક મહિના પછી વેપારીએ કતારગામ પોલીસ મથકમાં ફરિયાદ આપી હતી. આના પગલે પોલીસે દક્ષા આકોલિયા, જયશ્રી બોરડ, દિવ્યા તલાવિયા, નકલી પોલીસ પાર્થ મંગલ ઢોલાની ધરપકડ કરી હતી. સુરતની કતારગામ પોલીસે આ કિસ્સામાં વધુ તપાસ હાથ ધરી છે. સુરતમાં હની ટ્રેપની વધુ એક ઘટના નોંધાઈ છે. કતારગામમાં પોલીસનો સ્વાંગ રચીને વેપારીને હની ટ્રેપમાં ફસાવી ૧.૭૦ લાખ રૂપિયા પડાવવામાં આવ્યા છે. યુવતી સાથે વેપારીનો વિડીયો ઉતારીને ખંડણી માંગવામાં આવી હતી. ખંડણી વસૂલનારા ચારેય આરોપીની ધરપકડ કરવામાં આવી છે. મોબાઈલની દુકાન ધરાવતો યુવક હની ટ્રેપનો ભોગ બન્યો છે.

## વલસાડમાં સિરિયલ કિલર આરોપીની પૂછપરછમાં વધુ એક હત્યાનો ખુલાસો

। માહિતી બ્યુરો, વલસાડ, તા.૬ ।

વલસાડના પારડીમાં થોડા દિવસ પહેલાં એક યુવતીની દુષ્કર્મ બાદ હત્યા કરવામાં આવી હતી. તપાસ દરમિયાન આ હત્યા કરનાર આરોપી સિરિયલ કિલર હોવાનો ચોંકાવનારો ખુલાસો થયો હતો. ત્યારે આ આરોપીની પૂછપરછમાં વધુ એક હત્યાનો ખુલાસો થયો છે. પોલીસ રિમાન્ડ પર રહેલા આરોપીએ ડભોઈમાં કરેલી હત્યાની કબૂલાત કરી છે.૮ જૂનના રોજ ડભોઈમાં લૂંટના ઈરાદે એક અલ્પ દ્રષ્ટિ યુવકની હત્યા કરી હતી. ટ્રેનમાં અલ્પ દ્રષ્ટિ યુવક સાથે આરોપીએ વાતચીત કરીને વિશ્વાસ કેળવ્યો હતો. ત્યાર બાદ રેલવે સ્ટેશન પર ઉતારીને લૂંટના ઈરાદે ગળું દબાવીને હત્યા કર્યાનું ખુલ્યું છે. ડભોઈ મળી અત્યાર સુધી આરોપીએ કુલ ૬ હત્યા કરી હોવાનો પર્દાફાશ થયો છે. હજુ પણ આરોપી દ્વારા અન્ય ગંભીર ગુનાઓના ભેદ ઉકેલાય તેવી શક્યતા છે.આ હત્યાનો ખુલાસો થયો તે પહેલા આ આરોપીએ ૨૫ દિવસના સમયગાળામાં જ ૫ હત્યા કરી હોવાનું ખુલ્યું હતું. પારડીમાં યુવતીની હત્યા કર્યા બાદ આરોપીના ગુનાઓ અટક્યા ન હતા. ત્યાર બાદ આરોપીએ ઉપરા-છાપરી ત્રણ હત્યા કર્યું હોવાનું સામે આવ્યું હતું. આરોપી દિવ્યાંગ હોવાથી ટ્રેનમાં ટિકિટ લીધા વગર સરળતાથી મુસાફરી કરતો હતો અને રાજ્ય શહેર બદલીને ગુનાઓને આચરતો હતો. પૂછપરછ દરમિયાન પોલીસ પણ ચોંકી ઉઠી હતી.









## તંત્રી લેખ...

# ઓપરેશન ઓલઆઉટ

જમ્મુ કાશ્મીરમાં શાંતિ સ્થાપિત કરવાના પ્રયાસ મોટા પાયે કરવામાં આવી રહ્યા છે જેના ભાગરૂપે છેલ્લા કેટલાક સમયથી ચાલી રહેલા ઓપરેશન ઓલઆઉટના પરિણામસ્વરૂપે એકપછી એક મોટી સફળતા હાથ લાગી રહી છે. તમામ કુખ્યાત ત્રાસવાદી સંગઠનોની કમર તુટી ચુકી છે. હવે ત્રાસવાદીઓ તેમના અસ્તિત્વની લડાઇ લડી રહ્યા છે. જમ્મુકાશ્મીરમાં સક્રિય ત્રાસવાદી સંગઠન હિઝબુલ મુજાહીદીન અને લશ્કરે તોયબાના તમામ ટોપના ત્રાસવાદીઓ ફુંકાઇ ચુક્યા છે. આ ઓપરેશન હેઠળ માર્યા ગયેલા ત્રાસવાદીઓ પાસેથી મોટી માત્રામાં વિસ્ફોટક પણ કબજે કરવામાં આવી રહ્યા છે. ગયા વર્ષે ૨૦૦થી વધારે ત્રાસવાદીઓને ઠાર કરવામાં આવ્યા હતા. આ વર્ષે પણ મોટી સંખ્યામાં ત્રાસવાદીઓ માર્યા ગયા છે. જેમા પોસ્ટર બોય ટાઇગરનો પણ સમાવેશ થાય છે. બુરહાન વાની ગેંગનો સફાયો કરવામાં આવ્યો છે. જો કે જમ્મુ કાશ્મીરમાં શાંતિ સ્થાપિત કરવા અને લોકોમાં આત્મવિશ્વાસ ભરવા માટે અનેક પગલાની જરૂર છે. સામાન્ય લોકો સુરક્ષા દળો અને સેનાની પૂરતી મદદ કરે તે જરૂરી છે. સ્થાનિક ત્રાસવાદીઓને રક્ષણ અને આશ્રય આપવાના બદલે તેમના સંબંધમાં ગુપ્ત માહિતી સુરક્ષા દળોને માહિતી આપે તે જરૂર છે. ત્રાસવાદ સામેની લડાઇમાં સૌથી મહત્વપૂર્ણ ભૂમિકા નાગરિકોની રહે છે. જો તમામ સતર્ક અને સાહસી તરીકે રહેશે તો ત્રાસવાદને પગ ફેલાવવાની તક મળશે નહી. દુનિયાની તમામ સરકાર, નેતા, ત્રાસવાદની સામે એક થઇ રહ્યા છે. એક થઇને જ ત્રાસવાદનો અંત લાવી શકાય છે. લોકો હુમલા બાદ નારાજગી પ્રગટ કરવા માટે આગળ આવે છે તેને ત્રાસવાદની હાર તો કહી શકાય છે પરંતુ ત્રાસવાદનો ખાતમો બાકી છે. આના માટે સમગ્ર માનવતા એક થાય તે જરૂરી છે. ત્રાસવાદને જીવિત રાખનાર, તેમને મદદ કરનાર. તેમને આશ્રય આપનાર દેશોની સામે પણ પગલા લેવા પડશે. સ્લીપર સેલને નષ્ટ કરવાની દિશામાં પગલા લેવા પડશે. ત્રાસવાદને મદદ કરનાર કોઇ પણ વ્યક્તિ, સંગઠન અથવા તો દેશ કેમ ન રહે તેની સામે સંયુક્ત યુદ્ધ છેડી દેવાની જરૂર છે. જો આવુ કરવામાં નહી આવે તો કઠોર પ્રતિક્રિયા, થવા તો લશ્કરી કાર્યવાહીથી ત્રાસવાદીઓ થોડાક દિવસ તો શાંત રહી શકે છે પરંતુ ફરી કોઇને કોઇ જગ્યાએ હુમલો કરીને રક્તપાત સર્જી દેશે. ભારત, અમેરિકા, ફ્રાન્સ, બ્રિટન ત્રાસવાદીઓના હિટલિસ્ટમાં રહ્યા છે. તેમને દુનિયાના અન્ય દેશોની સાથે મળીને પોતાની ગુપ્તચર વ્યવસ્થાને સુધારી દેવા, સુરક્ષા દળોને આધુનિક કરવા અને ત્રાસવાદી સંગઠન પર કાર્યવાહી ની યોજના બનાવવી પડશે. જમ્મુ કાશ્મીરમાં ત્રાસવાદી હુમલાની વાત હવે સામાન્ય બની ચુકી છે. ત્રાસવાદી હુમલોનો બનાવ જે કોઇ પણ હોય પરંતુ મોટો પ્રશ્ન એ થાય કે તે હુમલાને અમે કઇ રીતે હાથ ધરીએ છીએ. આ અમારી નબળાઇ છે કે આવી ત્રાસવાદી ઘટનાને હાથ ધરતી વેળા અમે ત્રાસવાદીઓને જીવિત પકડી પાડવાના પ્રયાસ કરતા નથી.



## સમય ઓનલાઇન , ઇ-કોમર્સનો છે ત્યારે સાવધાની જરૂરી બની....

**જીવનની પ્રથમ પાઠશાળા પરિવાર બને છે પરિવારનો માહોલ પ્રેમ, આત્મીયતા, સેવા, સંસ્કારના મુલ્યોયુક્ત હોય તો વ્યક્તિ સહજ રીતે જ એવી બને છે પરિવારમાંથી જે મળે છે તે જ બાળક મોટો થઇને સમાજને આપે છે**

# ફ્રોડના બનાવો કોરાના કાળમાં વધ્યા

**૩૬ ટકા લોકો ઓનલાઇન છેતરપિંડીનો શિકાર થઇ રહ્યા છે : નવા સર્વે મુજબ ઓનલાઇન શોપિંગ સુવિધાજનક છે પરંતુ સાવધાની જરૂરી છે**



સમય ઓનલાઇનનો છે. સાથે સાથે કોરોના કાળમાં ફ્રોડના બનાવો વધી રહ્યા છે. જેથી સાવધાની વધારે જરૂરી બની ગઇ છે. ઇ-કોમર્સનુ નેટવર્ક પણ હાલમાં રોકેટ ગતિથી ફેલાઇ રહ્યુ છે. આવી સ્થિતીમાં ઠગ લોકોએ પણ ઓનલાઇન શોપિંગ, બેંક ટ્રાન્જેક્શનથી લઇને સોશિયલ મિડિયા સુધી તેમના નેટવર્કને ફેલાવી દેવામાં સફળ સાબિત થઇ રહ્યા છે. પરંતુ સામાન્ય લોકો જો થોડીક સાવધાની રાખે તો આવા ઠપ લોકોની છેતરપિંડીનો શિકાર થવાથી બચી શકે છે. તાજેતરમા ંજ જારી કરવામાં આવેલા એક રિપોર્ટમાં કહેવામાં આવ્યુ હતુ કે ૩૬ ટકા લોકો ક્યારેક ક્યારેક ઓનલાઇન ચેટિંગનો શિકાર થઇ જાય છે. ઓનલાઇન બિલ પેમેન્ટ કરવા, કોઇ ઇ-કોમર્સ સાઇટ પર ગેજેટની ખરીદી કરતી વેળા અને એટીએમમાંથી પૈસા ઉપાડતી વેળા લોકો છેતરપિંડીનો શિકાર થઇ જાય છે. આરબીઆઇના ડેટા દર્શાવે છે કે વર્ષ ૨૦૧૫-૧૬માં બેંકોના એટીએમ, ક્રેડિટ કાર્ડ અને ડેબિટ કાર્ડ સાથે સંબંધિત ફ્રોડના ૧૧૯૯૭ મામલા નોંધવામાં આવ્યા હતા. આ એવા ૪૯૪૫૫ કેસો કરતા અલગ છે જે ફિશિંગ, સ્કેનિંગ, હેકિંગ સાથે જોડાયેલા છે. એટલુ જ નહી આવા મામલાની સંખ્યા અનેક ગણી વધારે છે જેનો ઉલ્લેખ રિપોર્ટમાં કરવામાં આવ્યો નથી. ઓનલાઇન શોપિંગનો ક્રેઝ હાલમાં સૌથી વધારે જોવા મળે છે. તેમાં ઓનલાઇન શોપિંગ ખુબ સુવિધાજનક છે. ઇલેક્ટ્રોનિક ચીજ વસ્તુઓની ખરીદી કરવા અને અને ઘરની કોચિીજવસ્તુઓ ખરીદવા માટે હવે ઓનલાઇન શોપિંગનો ક્રેઝ વધારે જોવા મળે છે. દુખદ બાબત એ છે કે ઓનલાઇન શોપિંગમાં પણ કેટલીક પ્રકારની છેતરપિંડીની શરૂઆત થઇ ગઇ છે. કેટલાક કેસમાં ઓનલાઇન ઓર્ડર કરવામાં આવ્યા બાદ આપની પાસે પ્રોડક્ટ પહોંચી શકતી નથી. અથવા તો કેટલાક કેસમાં તુટેલી ચીજવસ્તુઓ પહોંચી જાય છે. કેટલાક કેસમાં બનાવટી ચીજ પણ પહોંચી જાય છે. કેટલાક કેસમાં ખાલી પેકેટ પણ મળી જાય છે. કેટલાક કેસમાં પથ્થર ભરેલા પેકેટ પણ મળી જાય છે. એક ગાજિયાબાદની વ્યક્તિએ માહિતી આપતા કહ્યુ છે કે ૪૬ હજાર રૂપિયામાં આઇફોન-૬ ઓર્ડર કરવામાં આવ્યા બાદ પેકેટ ઘરે પહોંચતા તેમાં પથ્થર નિકળ્યા હતા.હકીકતમાં આ સમસ્યા કોઇ પણ તબક્કામાં થઇ શકે છે. આના માટે સેલ અને ડિલિવરી વ્યવસ્થાને સમજવાની જરૂર હોય છે. ફેબ ઇન્ડિયા જેવી સાઇટસ માત્ર પોતાના પ્રોડક્ટ વેચે છે. જ્યારે મોટા ભાગની સાઇટ એવી છે જે ઘણા બધા સેલર માટે પ્લેટફોર્મ ઉપલબ્ધ કરાવે છે. ફ્લીપકાર્ટ, નો સમાવેશ થાય છે. અહીં જે ઓર્ડર અપાય છેં તે પ્રોડક્ટ વેબસાઇટ અથવા તો સેલર પોતે આપના સુધી પ્રોડક્ટસ પહોંચાડે છે. જેના કારણે પ્રોડક્ટસ ની ક્વાલિટી અને ડિલિવરીની ગેરંટી હોય છે. આ સાઇટો બીજા સેલરથી પેદાશો ખરીદે છે. પરંતુ તેની ક્વાલિટી ચકાસે છે. પોતે જે ડિલિવરી કરે છે. જેમ કે ફ્લીપકાર્ટ ટુંક સમયમા ંજ એફ-એશ્યોર્ડ લોંચ કરનાર છે. જેના કારણે વધારે સારી રીતે ચીજ પહોંચાડવાની વ્યવસ્થા રહેશે. એનેઝોન પણ એક પ્રાઇમ પેઇડ સર્વિસ છે. જે ૫૦૦ રૂપિયા વર્ષભરના આપવાના કેસમાં આવી સુવિધા આપે છે. ટેકનોલોજીની સારી સમજ ધરાવનાર ઠગ લોકો કેટલીક વખત એક જેવા દેખાતા લોકો અને ડોમેન નેમની સાથે નકલી સાઇટ બનાવી નાંખે છે. જે બિલકુલ અસલ જેવી દેખાય છે. આના મારફતે કસ્ટમરો મારફતે નાણાં વસુલ કરીને ગાયબ થઇ જાય છે. નકલી વેબસાઇટનો ઉપયોગ કરીને લોકોને જુદા જુદા લાલચ આમાં આપવામાં આવે છે. જેના ભાગરૂપે ઠગ લોકો ખુબ સફાઇથી લોકોને ગેરમાગે દોરી દેવામાં સફળ રહે છે. બીજી રીતે સાઇટ સાચી અને સેલર ખોટા તેવી બાબત હોય છે. જો તમને કોઇ પેદાશ મળતી નથી અથવા તો તુટેલી મળે છે તો વેબસાઇટ નહી બલ્કે સેલર અથવા તો કુરિયર કંપની ઠગાઇ કરનાર હોઇ શકે છે. અલબત્ત આ સાઇટ્સ પોતે પણ ખરીદારના રેટિંગ અને બીજા તરીકા સાથે સેલર પર ચાંપતી નજર રાખે છે. છતાં તમામ છેતરપિંડી કરનાર લોકોને પકડી પાડવાની બાબત સરળ હોતી નથી. કુરિયર કંપની પણ કેટલાક કેસમાં ઠગાઇમાં સામેલ રહે છે. કેટલાક કેસમાં સેલર અને સાઇટ બન્ને યોગ્ય હોય છે પરંતુ જો તેઓ યોગ્ય કુરિયર કંપનીની પસંદગી ન કરે તો કસ્ટમરોની સાથે છેતરપિંડી થઇ શકે છે.




## એન્જાઇનાના લક્ષણ અને સારવાર અંગે લોકોની પાસે માહિતી નથી

**આ હાર્ટ અટેકના લક્ષણ તરીકે હોય છે જ્યારે ધમનીમાં અડચણો ઉભી થવા લાગી જાય છે અચવા તો ઓક્સીજનયુક્ત લોહીને હાર્ટ સુધી લાવનાર ધમનીમાં પુરતા પ્રમાણમાં લોહી પ્રવાહની સ્થિતી રહેતી નથી ત્યારે આ સમસ્યા ઉભી થાય છે**

# એન્જાઇના હાર્ટ અટેકના સંકેત સમાન

**એન્જાઇનાને છાતીમાં દુખાવા તરીકે સમજી શકાય છે : દુખાવો હાર્ટમાં પુરતા પ્રમાણમાં લોહી ન પહોંચવા માટેનુ કારણ હોય છે**



છાતીમા દુખાવાને એન્જાઇના કહેવામાં આવે છે. હાર્ટમાં પુરતા પ્રમાણમાં લોહી નહી પહોંચવાના કારણે આ દુખાવો થાય છે. આ હાર્ટ અટેકની સાથે છાતી પર દબાણ ની જેમ અનુભવ થાય છે. એન્જાઇનાને એન્જાઇના પેક્ટોરિસ અથવા તો ઇસ્કેમિક ચેસ્ટ પેઇન તરીકે પણ કહેવામાં આવે છે. આ હાર્ટ અટેકના લક્ષણ તરીકે હોય છે. જ્યારે ધમનીમાં અડચણો ઉભી થવા લાગી જાય છે અચવા તો ઓક્સીજનયુક્ત લોહીને હાર્ટ સુધી લાવનાર ધમનીમાં પુરતા પ્રમાણમાં લોહી પ્રવાહની સ્થિતી રહેતી નથી ત્યારે આ સમસ્યા ઉભી થાય છે. સામાન્યરીતે એન્જાઇના વહેલી તકે ઠીક થાય છે. પરંતુ તે જીવલેણ હાર્ટ સમસ્યાના સંકેત સમાન છે. દવા અને લાઇફસ્ટાઇલમાં ફેરફારના કારણે એન્જાઇનાને કન્ટ્રોલ કરી શકાય છે. જો સ્થિતી ગંભીર હોય તો સર્જરીની જરૂર પડે છે. અથવા તો ધમનીને ખોલવા માટે તેમા ંસ્ટેઇન નાંખવાની ફરજ પડે છે. એન્જાઇનના લક્ષણની વાત કરવામાં આવે તો છાતીમાં દુખાવાને જોઇ શકાય છે. આમાં છાતીમાં દબાણ અથવા તો ભારેપણાનો અનુભવ થાય છે.

વ્યક્તિને હાથ, ગરદન અને પીઠમાં પીડા હોઇ શકે છે. એન્જાઇનાના લક્ષણની વાત કરવામાં આવે તો ચક્કર આવવા, થાક લાગવાની બાબત, શ્વાસ લેવામાં તકલીફ, પરસેવો આવવાની બાબત તેમાં સામેલ છે. તબીબોને આ લક્ષણને વહેલી તકે ઓળખી કાઢીને સારવાર આપવાની શરૂઆત કરવી જોઇએ. હાર્ટ અટેકથી બચી શકાય તે માટે તરત જ સારવારની જરૂર હોય છે. પુરૂષોને સમાન્ય રીતે છાતીમાં દુખાવો, ખભામાં દુખાવાની ફરિયાદ રહેછે. જ્યારે મહિલાઓને પેટ, ગરદન અને ગળામાં દુખાવો રહી શકે છે. ચક્કર આવવા અને શ્વાસ લેવાની તકલીફ થઇ શકે છે. સામાન્ય રીતે એન્જાઇન હાર્ટ ડિસીઝના કારણે થાય છે. જ્યારે ધમનીમાં ફેટી એસિડ તત્વો પ્લાક જમવા લાગી જાય છે ત્યારે હાર્ટની માંસપેશીઓ સુધી લોહીના પ્રવાહમાં અડચણો આવે છે. આવી સ્થિતીમાં આ સમસ્યા ઉભી થાય છે. આજ કારણસર દુખાવો થાય છે.

આ ઉપરાંત કેટલીક વખત અન્ય કારણોથી પણ દુખાવો થાય છે. ફેફસાની પ્રમુખ ધમનીમાં અડચણો આવે છે ત્યારે પણ સમસ્યા સર્જાઇ જાય છે. હાર્ટનુ કદ કેટલીક વખત વધી જાય છે. હાર્ટના પ્રમુખ હિસ્સામાં વોલ્વમાં સંકુચન પણ આવે છે. હાર્ટની આસપાસ રહેલી થેલીમાં સોજા પણ કેટલીક વખત આવી જાય છે. એવા કેટલાક કારણો રહેલા છે જે વ્યક્તિને એન્જાઇનાનો શિકાર બનાવે છે. વધતી વય, પરિવારના અન્ય કોઇ સભ્યને હાર્ટ રોગ, હાઇ કોલેસ્ટ્રોલ , ડાયાબિટીસ, સ્થુળતા તેમજ ટેન્શન પણ કારણો પૈકી એક છે. પુરતા પ્રમાણમાં કસરતની કમી પણ બિમારીને આમંત્રણ આપે છે. એન્જાઇનાની સારવારમાં પિડાને ઓછી કરવા, લક્ષણોને રોકવા અને હાર્ટ અટેકના ખતરાનેઘટાડી દેવા માટે અથવાતો રોકવા માટે કામ કરવામાં આવે છે. આના માટે દવાઓ, જીવનશેલીમાં ફેરફાર કરવાની બાબત ઉપયોગી રહે છે. આના માટે મેડિકલ સહાય લેવામાં આવે છે. એન્જાઇનાની સારવારમાં જીવનશેલીમાં ફેરફાર કરવામાં આવે તે જરૂરીછે. વજન કન્ટ્રોલ કરવાની બાબત પણ ઉપયોગી રહેલી છે. નિયમિત રીતે કોલેસ્ટ્રોલ લેવલની ચકાસણી ફણ ઉપયોગી રહેલી છે. ફળ શાકભાજી ખાવવાની બાબત પણ ઉપયોગી રહેલી ચે. લો ફેટ ડેયરી પ્રોડક્સને ભોજનમાં સામેલ કરવામાં આવે તે જરૂરી છે.એન્જાઇના માટે સામાન્ય રીતે નાઇટ્રેટની સલાહ આપવામાં આવે છે. નાઇટ્રેટ રક્તવાહિનીને પહોળી કરે છે. તેમને આરામ આપીને એન્જાઇના અટેકની ગંભીરતાને રોકી દે છે. આના માટે બીટા બ્લોકર્સ, કેલ્શિયમ ચેનલ બ્લોકર્સ જેવી દવા પણ આપવામાં આવે છે. કેટલાક કેસમાં સર્જરી કરાય છે.

# 3 દિવસથી તાવ છે તો ડેન્ગ્યુ મેલેરિયા

ઠંડીની સિઝન ચાલી રહી છે ત્યારે કેટલીક સાવધાની રાખવાની તમામને જરૂર હોય છે ખાસ કરીને માસુમ બાળકોને વધારે સાવધાની રાખવાની જરૂર હોય છે. નિષ્ણાંત તબીબો અને જાણકાર લોકો કહે છે કે જો સતત ત્રણ દિવસ સુધી તાવ રહે તો ડેન્ગ્યુ મેલેરિયાની અસર હોઇ શકે છે. આના માટે સાફ સફાઇને સર્વોચ્ચ પ્રાથમિકતા આપવામાં આવે તે જરૂરી છે. સાથે સાથે ઠંડીની સિઝનમાં ફુલ વસ્ત્રો પહેરવાની સલાહ ફમ તબીબો આપે છે. ઠંડીની સિઝનમાં પાણીજન્ય અને મચ્છરજન્ય રોગનો ખતરો વધી જાય છે. મોનસુન બાદ ઠંડીની સિઝનમાં સૌથી વધારે ડેન્ગ્યુ ફિવરના મામલા સપાટી પર આવે છે. ડેન્ગ્યુના એડીઝ એજિપ્ટાઇ મચ્છર મુખ્ય રીતે સવારમાં અને સાંજે કોઇ પણ વ્યક્તિને કરડે છે. મલેરિયામાં શરદી લાગીને તાવ આવે છે. ઠંડીની સિઝનમાં ત્રણ દિવસથી વધારે સમય સુધી જો તાવ રહે છે તો તબીબોની સલાહ ચોક્કસપણે લેવી જોઇએ. કારણ કે તે ડેન્ગ્યુ મેલેરિયા હોઇ શકે છે. તબીબો કહે છે કે ૨૦ હજાર પ્લેટલેટ કાઉન્ટ થાય છે તો કોઇ પણ પ્રકારની તકલીફ આવતી નથી. ડેન્ગ્યુ ફિવર માટે કાર્ડ ટેસ્ટ કરવાની જરૂર હોય છે. ત્યારબાદ એલાઇજા તપાસનો નિયમ રહેલો છે. પ્લેટલેટ કાઉન્ટ કરવામાં આવે છે તો પણ કેટલાક વધુ ટેસ્ટ કરવામાં આવે છે. નિષ્ણાંતોનો સાફ મત છે કે એક સ્વસ્થ વ્યક્તિમાં પ્લેટલેટ કાઉન્ટ દોઢ લાખથી વધારે સાડા ચાર લાખ સુધી હોય છે. તાવમાં ૨૦ હજાર આવે તો ભયભીત થવાની કોઇ જરૂર નથી. મચ્છરોને ભગાડી દેવા માટે કેટલાક પ્રયોગ કરવામાં આવે છે. સામાન્ય રીતે ઘરેલુ ઉપચારથી પણ મચ્છરો ભાગી જાય છે. જેમાં તવા પર લીમડાના પત્તા નાંખીને છોડી દેવામાં આવે તો તેનાથી મચ્છરો ભાગી જાય છે. ડેન્ગ્યુ અને મલેરિયા તાવ હોવાની સ્થિતીમાં મુખ્ય રીતે હળવા ભોજન પર ધ્યાન કેન્દ્રિત કરવાની જરૂર હોય છે. દાળ, દળિયા, નારિયળ પાણી પણધ્યાન કેન્દ્રિત કરવુ જોઇએ. દહી, છાસ જેવી ચીજોનો ઉપયોગ કરવો જોઇએ નહી. રોગપ્રતિકારક ક્ષમતા કેટલીક રીતે વધારી શકાય છે. ખાસ કરીને પપીતાના નવા પત્તાના રસને અસરકારક ગણવામાં આવે છે. સાથે સાથે અનાર, હલ્દર પણ અસરકારક સાબિત થઇ શકે છે.તાજેતરમાં જ કરવામાં આવેલા નવા અભ્યાસમાં જાણવા મળ્યુ છે કે ઠંડીની સિઝનમાં વાયરલ ઇન્ફેક્શનની અસર બાળકોને વહેલી તકે થઇ જાય છે. વિટામીન ડી વાઇરલ ઇન્ફેશનથી રક્ષણ કરવામાં મદદરૂપ બને છે. અભ્યાસ મુજબ વાઇરલ ઇન્ફેક્શનથી બચાવવામાં વિટામીન ડીની ભૂમિકા ચાવીરૂપ રહે છે તે બાબત સાબિત કરવા માટે ઘણા તારણો પણ નક્કર રીતે રજૂ કરવામાં આવ્યા છે. અભ્યાસમાં જણાવવામાં આવ્યું છે કે મોનસુનની સિઝન અને ગરમીની સિઝનમાં અથવા તો મિશ્ર સિઝનમાં વાયરલ ઇન્ફેક્શનના રોગ ફેલાઇ જાય છે. વિટામીન ડીની ભૂમિકા વાયરલ ઇન્ફેક્શનને રોકવામાં મદદરૂપ બને છે.

# ટ્રેડ મિલ પર રનિંગ કરવાની બાબત ખતરનાક છે કે કેમ તેને લઇને લોકોમાં ચર્ચા

નોઇડાના સેક્ટર ૭૬ સ્તિત એક સોસાયટીની જીમમાં થોડાક સમય પહેલા ૨૪ વર્ષીય એક સોફ્ટવેર એન્જિનિયર ટ્રેડમિલ પર રનિંગ કરી રહ્યો હતો. આ ગાળા દરમિયાન એકાએક ચક્કર ખાઇને પડી ગયો હતો. થોડાક સમયમાં જ તેનુ મોત થઇ ગયુ હતુ. ડોક્ટરની વાત પર વિશ્વાસ કરવામાં આવે તો આ યુવાનુ મોત હાર્ટ અટેકના કારણે થયુ હતુ. ટ્રેડમિલ પર દોડતી વેળા હાર્ટ અટેક આવવાથી મોત થવાનો આ કોઇ પહેલો કેસ નથી. તે પહેલા પણ આ પ્રકારના કિસ્સા બની ચુક્યા છે. આ પહેલા વર્ષ ૨૦૧૩માં ટીવી અન ફિલ્મના લોકપ્રિય સ્ટાર અબીર ગોસ્વામીનુ પણ મોત થયુ હતુ. તેમનુ મોત પણ ટ્રેડમિલ પર દોડતી વેળા થયુ હતુ. તેમને પણ ટ્રેડમિલ પર દોડતી વેળા એકાએક હાર્ટ અટેક આવી ગયો હતો. તેમને હોસ્પિટલમાં પહોંચાડવામાં આવે તે પહેલા જ મોત થયુ હતુ. શુ ટ્રેડમિલ પર રનિંગ કરવાની બાબત ઘાતક બની શકે છે કે કેમ તેને લઇને ચર્ચા શરૂ કરવામાં આવી છે. શુ એક્સરસાઇઝ કરવાની બાબત, જીમ જવાની બાબત, વર્ક આઉટ કરવાની બાબત અને ટ્રેડમિલ પર દોડવાની બાબત ખતરનાક છે. આવા પ્રશ્નો હવે તમામને સતાવી રહ્યા છે. હાર્ટ અટેકનો ખતરો આના કારણે રહે છે કે કે તેની ચર્ચા રહેલી છે. હાલના દિવસોમાં મોટી સંખ્યામાં તબીબો અને હેલ્થ નિષ્ણાંતો લોકોને એક્સરસાઇઝ કરવા, ફિઝિકલ એક્ટિવીટી કરવા માટેની સલાહ આપે છે. આવી સ્થિતીમાં નોઇડા જેવી ઘટના બને ત્યારે લોકો ચોંકી જાય તે સ્વાભાવિક છે. લોકોના મનમાં પ્રશ્ન ઉઠી રહ્યા છે ત્યારે નિષ્ણાંતો અને તબીબો કહી રહ્યા છે કે એક્સરસાઇઝ કરવાની બાબત બિલકુલ ઘાતક નથી. માત્ર એક્સરસાઇઝ કરતી વેળા કેટલીક સાવધાની રાખવાની હો છે. સિનિયર સર્જન કહે છે કે જીમ જોઇન કરતી વેળા પોતાની ફિઝિકલ ચેક અપની પ્રક્રિયામાંથી ચોક્કસપણે બહાર નિકળવાની જરૂર હોય છે. આપને કોઇ તકલીફ તો નથી તેની આના કારણે ખબર પડી જાય છે. કેટલીક વખત એવુ બને છે કે શરીરની અંદર કેટલીક તકલીફ હોય છે પરંતુ ખબર પડતી નથી. આવી સ્થિતીમાં જો માહિતી છે તો તમને કોઇની સલાહ લેવાની જરૂર નથી. જો તમને કોઇ બિમારીની માહિતી મળે છે તો નિષ્ણાંતોની સલાહ લેવી જોઇએ. ફિટનેસ નિષ્ણાંત કહે છે કે ટ્રેડમિલ પર દોડતી વેળા પોતાના હાર્ટ રેટ પર નજર રાખવાની જરૂર હોય છે.

હાર્ટ રેટ ટાર્ગેટ રેટ કરતા વધારે ન રહે તેના પર ધ્યાન આપવાની જરૂર ચે. પોતાના મહત્તમ હાર્ટ રેટને જાણવા માટે પોતાની વયને ૨૨૦થી ઘટાડીને માપવામાં આવે તે જરૂરી હોય છે. ટાર્ગેટ હાર્ટ રેટને મેક્સિમ હાર્ટ રેટના ૮૦ ટકા કરતા વધારે રાખવાની બાબત ખતરનાક હોય છે. ડોક્ટર એમ પણ કહે છે કે રાત્રી ગાળામાં સામાન્ય લોકોએ જીમ જવાની બાબત ટાળવાની જરૂર હોય છે. તબીબો કહે છે કે રાત્રી ગાળા દરમિયાન શરીર થાકેલુ રહે છે. જેથી આવા સમયમા ંજીમ જવાથી બચવાની જરૂર હોય છે. જો રાત્રી ગાળા દરમિયાન કોઇ વ્યક્તિ જીમમાં જાય છે તો સમય ઓછો ગાળવાની જરૂર હોય છે. સાથે સાથે સ્ટેરોઇડ યુક્ત પ્રોટીન પાઉડરનો ઉપયોગ કરવાથી દુર રહેવાની જરૂર હોય છે. જીમ શરૂ કરતા પહેલા ટ્રેડ મિલ પર હળવી રનિંગ અને સ્ટ્રેચિંગ કરીને વોર્મ અપ કરવાની જરૂર હોય છે. આના કારણે બોડી જીમ માટે તૈયાર થઇ જાય છે. જીમ પહોંચતાની સાથે જ હેવી વર્ક આઉટ કરવાની ક્યારેય શરૂઆત કરવી જોઇએ નહીં.

## હવે આર્થિક આધારનો સમય | ઉકેલ : અનામત આર્થિક આધાર પર અમલી બને તો સમસ્યા નથી

# હકીકતમાં જે લોકો અનામતના અધિકાર ધરાવે છે તે લોકો તો પછાત જ રહી ગયા છે

ભ્રષ્ટાચાર અને અપરાધિકરણ સિવાય પણ ભારતમાં એવી બે તકલીફ છે જે તલીફે અમારી રાજનિતીને ચારેબાજુથી ઘેરી રાખી છે. પ્રથમ તકલીફ જાતિવાદ છે અને બીજી તકલીફ સાંપ્રદાયિતા છે. આ બન્ને સમસ્યાના કારણે ચારેબાજુ અંધાધુંધી વારંવાર જોવા મળે છે. અમારી કોર્ટના રચનાત્મક અને કઠોર વલણના કારણે રાજનિતીમાં અપરાધિકરણની ગતિવિધી ઝડપથી વધી શકી નથી. રાજનિતીના અપરાધિકરણને કાબુમાં લેવામાં કોર્ટનુ વલણ મહત્વપૂર્ણ રહ્યુ છે. કોર્ટ દ્વારા જાહેર જીવનમાં સત્યનિષ્ઠા સ્થાપિત કરવાના તમામ પ્રયાસો કરવામાં આવ્યા છે. રાજકીય નેતાઓ તો જાતિ અને સમુદાયને ઉશ્કેરીને ચૂંટણી જીતતા રહ્યા છે. આના પરિણામસ્વરૂપે જાતિવાદ અને સાંપ્રદાયિકતા જાહેર વ્યવસ્થાની સામે વધતા સામાજિક તનાણ અને અશાંતિના કારણ સમાન છે. આ સામાજિક અશાંતિની પાછળ એક મોટુ કારણ સરકારી ક્ષેત્રમાં

## સરકારી ક્ષેત્રમાં જાતિગત આધાર પર અનામત આપવાની વર્તમાન વ્યવસ્થા સામાજિક અશાંતિ માટેનુ મોટુ અને મુખ્ય કારણ છે

જાતિગત આધાર પર અનામત આપવાની વર્તમાન વ્યવસ્થા છે. જ્યારે બંધારણની કલમ ૧૪માં જાતિગત ભેદભાવના સંબંધમાં સ્પષ્ટ પ્રતિબંધની વાત કરવામાં આવેલી છે. કલમ-૧૬માં પછાત વર્ગ આધારિત અનામતની જોગવાઇ કરવામાં આવી છે.

જાતિગત આધાર પર અનામતની કોઇ જોગવાઇ કરવામાં આવી નથી. ગયા વર્ષે સુપ્રીમ કોર્ટે પણ આદેશ આપ્યો હતો કે અનામત માત્ર જાતિગત આધાર પર આપી શકાય નહી. હાલમાં જ પટેલો દ્વારા ગુજરાતમાં, કાપુસ દ્વારા આંધ્રપ્રદેશમાં, જાટો દ્વારા રાજસ્થાનમાં ઓબીસીમાં સામેલ કરવાની માગ કરીને આંદોલન કરવામાં આવ્યા છે. હરિયાણામાં તો જાટ સમુદાયના લોકોએ ઓબીસીમાં સામેલ કરવા માટે જોરદાર હિંસા ફેલાવી હતી. આ તમામ તાજા મામલાના કારણે અનામતની રાજનિતી ફરી એકવાર સપાટી પર આવી ગઇ છે.

બીજી બાજુ હકીકતમાં જે લોકો અનામતના અધિકાર ધરાવે છે તે લોકો તો પછાત જ રહી ગયા છે. સાથે સાથે લઘુમતિ સમુદાયના લોકોમાં ગરીબ વર્ગના લોકોને અનામતના લાભ મળી શકતા નથી. કારણ કે બંધારણમાં ધાર્મિક આધાર પર અનામતની કોઇ જોગવાઇ કરવામાં આવી નથી. અનામતની વર્તમાન તમામ ખામીઓને દુર કરવા માટેનો એકમાત્ર રસ્તો એ છે કે આને જાતિ આધાર પર ન આપીને આર્થિક આધાર પર લાગુ કરવામા ંઆવે તે જરૂરી છે.

મુળભૂત વિચાર એ છે કે ગરીબી રેખાથી નીચે (બીપીએલ) અથવા તો આવકવેરા મુક્તિ મર્યાદાથી નીચે આવકવાળા (બીઆઇટીઇએલ) વાળા કોઉ પણ જાતિના પરિવાર અને સમુદાય સામાજિક અને શૈક્ષણિકરીતે પછાતની જેમ દેખાય છે. કોઇ પણ ચર્ચા વગર આ પ્રકારના લોકો બાકી વસ્તીની તુલનામાં પછાત જ છે. આ જ કારણસર કહેવામાં પણ આવે છે કે સરકારી નોકરીમાં અનામત બીપીએલ અથવા તો બીઆઇટીઇએલ પરિવારને આર્થિક આધાર પર આપવામાં આવે તે જરૂરી છે. આની ટકાવારી જે લોકો ગરીબી રેખાથી નીચે છે તેમના ટકાવારીના આધાર પર નક્કી કરવામાં આવી શકે છે. અથવા તો વર્તમાન માટે ૩૩ ટકા રાખી શકાય છે. આ ટકાવારી દેશની કુલ વસ્તીમાં તેમની સંખ્યાના આધાર પર નક્કી કરવામાં આવેલી ટકાવારી છે. આના કારણે વહીવટી કુશળતા પણ આવી શકે છે. આર્થિક આધાર પર અનામતની જોગવાઇ બંધારણની કલમ ૩૩૪માં રજૂ કરવામાં આવેલી બંધારણનીય નિષ્ણાંતોની વિચારધારાના આધાર પર રહેશે. કલમ ૩૩૪માં બંધારણ નિષ્ણાંતોની વિચારધારાના આધાર પર અનામતને લોકસભા અને વિધાનસભામાં એસસી અને એસટી સુધી જ મર્યાદિત રાખવામાં આવી હતી અને આ વ્યવસ્થા પણ માત્ર ૧૦ વર્ષ માટે જ રાખવામાં આવી હતી. અનામતના કારણે વહીવટીતંત્રને કોઇ નુકસાન ન થાય તેનીખાતરી પણ કરવામાં આવી હતી. પરંતુ મંડળ પંચ બાદ વહીવટી કુશળતા પર દબાણઁ આવ્યુ હતુ. જેથી અનામતની માંગ પણ સતત વધતી ગઇ છે. ભેદભાવ અને પારસ્પર ખેચતાણ વધતી ગઇ છે.

આવી સ્થિતીમાં આર્થિક આધાર પર અનામતની જાતિગત અને પંથના આધાર પર થનાર ભેદભાવ પર બંધારણીય પ્રતિબંધની દિશામાં યોગ્ય પગલુ હોઇ શકે છે. ૩૩ ટકા અનામત તમામ ધર્મ હિન્દુ, મુસ્લિમ, શિખ ખ્રિસ્તી અને અન્ય લઘુમતિ સમુદાયના બીપીએલ અને બીઆઇટીઇએલ વસ્તીના આધાર પર આપવામાં આવે તે સમયની માગં છે.

હિન્દુ સમુદાયમાં આ ક્વોટાની જોગવાઇ વર્તમાન શ્રેણી સામાન્ય, અનુસુચિત જાતિ, અનુસુચિત જનજાતિ અને અન્ય પછાત વર્ગને કુલ હિન્દુ બીપીએલ-બીઆઇઇટીઇએલમાં હિસ્સાના આધાર પર આપવામાં આવે તે જરૂરી છે. અનામતની સમસ્યાને દુર કરી શકાય છે. પરંતુ વિશ્વાસ સાથે નિર્ણયની જરૂર છે.



Cyber Octet™

## CYBER SECURITY AND ETHICAL HACKING TRAINING IN AHMEDABAD

**BECOME A CYBER SECURITY SPECIALIST WITH FALGUN RATHOD**

# Learn Ethical Hacking & Cyber Security

## WHY JOIN CYBER OCTET ?

- LEARN MORE THAN 120 TOPICS UNDER ONE ROOF AT #CYBEROCTET
- TASK AND RESEARCH BASED TRAINING
- 100 % PLACEMENT ASSISTANCE
- LIVE PROJECTS
- INTERNATIONAL ACCREDIATION

**TRAINING BY:-** THE MOST EXPERIENCED TRAINER "MR.FALGUN RATHOD" LISTED IN INDIA'S TOP 10 ETHICAL HACKERS AND CYBER SECURITY EXPERT

## ADVANCED DIPLOMA IN ETHICAL HACKING AND CYBER SECURITY (1 YEAR)

## WHO CAN JOIN

STUDENTS | WORKING PROFESSIONALS | BUSINESS OWNERS

Contact Now

C-709,Titanium City Center, Prahladnagar road, Ahmedabad

91 7405321234

info@cyberoctet.com

www.cyberoctet.com

CMYK

### શેખ હસીનાએ બાંગ્લાદેશ છોડી દેતા કંગના રનૌતે કહ્યું-

# 'મુસ્લિમ દેશોમાં કોઈ સુરક્ષિત નથી...ખુદ મુસ્લિમ પણ નથી'



વિદ્યાર્થીઓના ઉગ્ર વિરોધ બાદ બાંગ્લાદેશના વડાપ્રધાન શેખ હસીનાએ રાજીનામું આપી દીધું અને પોતાનો દેશ છોડીને ભારત આવી ગયા. દુનિયાની નજર આ સમગ્ર મામલા પર ટકેલી છે. આ દરમિયાન સાંસદ-અભિનેત્રી કંગના રનૌતે પણ પોતાની પ્રતિક્રિયા આપી છે. કંગનાએ આ મામલાને લોકોની સુરક્ષા સાથે જોડીને ધાર્મિક એંગલ આપ્યો છે. કંગનાના કહેવા પ્રમાણે, મુસ્લિમ દેશમાં જે પણ રહે છે તે સુરક્ષિત નથી. ખુદ મુસ્લિમ લોકો પણ નથી. શેખ હસીનાએ રાજીનામું આપીને દેશ છોડવાના સમાચાર શેર કરતાં કંગનાએ ઠ પર લખ્યું- ભારત આપણી આસપાસના તમામ ઈસ્લામિક ગણરાજ્યની મૂળ માતૃભૂમિ છે. બાંગ્લાદેશના માનનીય વડાપ્રધાન ભારતમાં સલામતી અનુભવે છે એ જાણીને આપણે સન્માનિત અને ખુશ છીએ, પરંતુ ભારતમાં રહેતા તમામ લોકો પૂછતા રહે છે કે હિન્દુ રાષ્ટ્ર કેમ? રામ રાજ્ય શા માટે? સારું, શા માટે તે સ્પષ્ટ છે !!! મુસ્લિમ દેશોમાં કોઈ સુરક્ષિત નથી. ખુદ મુસ્લિમો પણ નહીં. અફઘાનિસ્તાન, પાકિસ્તાન, બાંગ્લાદેશ અને બ્રિટનમાં જે કંઈ થઈ રહ્યું છે તે દુર્ભાગ્યપૂર્ણ છે. આપણે ભાગ્યશાળી છીએ કે આપણે રામ રાજ્યમાં રહીએ છીએ. જય શ્રી રામ !! તમને જણાવી દઈએ કે, શેખ હસીના સરકારે ૧૯૭૧માં બાંગ્લાદેશની આઝાદી માટે લડનારા સ્વાતંત્ર્ય સેનાનીઓના સંબંધીઓ માટે ઘણી સિવિલ સેવાઓમાં આરક્ષણની જાહેરાત કરી હતી.

# એક દિવસમાં ૨૦૦ જેટલી સિગારેટ પી જતા હતા અમિતાભ બચ્ચન

### કોલેજમાં બહુ ઝઘડતાં હતા



અમિતાભ બચ્ચન પોતાની સ્ટ્રિક્ટ લાઈફસ્ટાઈલ માટે જાણીતો છે. તે હવે સ્મોક કરતો નથી અને દારૂ પણ પીતો નથી પરંતુ શું તમને ખબર છે કે એક સમય એવો હતો જ્યારે અમિતાભ એક દિવસમાં ૨૦૦ સિગારેટ પી જતો હતો. એક જૂના ઈન્ટરવ્યૂમાં અમિતાભે આ વિશે વાત કરી હતી. અમિતાભે જણાવ્યું કે 'હુ નોનવેજ ખાતો નથી પરંતુ મારી પત્ની જયા ખાય છે.'અમિતાભે કહ્યું, 'હુ સ્મોક કરતો નથી અને ડ્રિન્ક પણ કરતો નથી અને નોનવેજ પણ ખાતો નથી. આ કોઈ ધર્મના કારણે નહીં પરંતુ ટેસ્ટના કારણે છે. મારા પરિવારમાં મારા પિતા વેજિટેરિયન હતા અને મારી માતા નહીં. તેવી જ રીતે જયા નોનવેજ ખાય છે અને હુ નહીં. હુ પહેલા મીટ ખાતો હતો. ડ્રિન્ક અને સ્મોક પણ કરતો હતો પરંતુ હવે બધું છોડી દીધું છે. કોલકાતામાં હુ એક દિવસમાં ૨૦૦ સિગારેટ પીતો હતો, હાં ૨૦૦. પરંતુ મુંબઈ આવ્યા બાદ મે છોડી દીધી. હુ ડ્રિન્ક પણ કરતો હતો, કંઈ પણ હોય જે હાથમાં આવે તે પીતો હતો પરતુ અમુક વર્ષો પહેલા મે નક્કી કર્યું કે મને આની જરૂર નથી. આ ટેવોના કારણે મને કોઈ તકલીફ થતી નહોતી, માત્ર જ્યારે હુ વિદેશમાં શૂટિંગ કરી રહ્યો હોવ ત્યારે કેમ કે ત્યાં વેજિટેરિયન ભોજનને લઈને મુશ્કેલી પડે છે.'અમિતાભે કહ્યું કે હુ અહિંસક માણસ છુ. મને નથી લાગતુ કે હુ હિંસક માણસ છુ. હુ મારું નિયંત્રણ પણ ગુમાવતો નથી. હા, કોલેજના દિવસોમાં અમુક ઝઘડા થતા હતા પરંતુ આટલું જ. સ્ક્રીન પર લડત ખૂબ અનરિયલ હોય છે.

# કરીના સાથે ફિલ્મની ઓફર સ્વીકાર્યા બાદ આયુષ્માન ખુરાનાએ પલટી મારી

### એ-ગ્રેડ સ્ટાર સાથે જ કામ કરવાનો આગ્રહ રાખતી કરીના કપૂર ખાનના દિવસો સાચા અર્થમાં બદલાયાં



કરીના કપૂર ખાનનો સિતારો બુલંદી પર હતો ત્યારે તે નવોદિત એક્ટર્સ સાથે કામ કરવાની ના પાડી દેતી હતી. શાહરૂખ-અક્ષય જેવાં મોટાં સ્ટાર હોય તો જ ફિલ્મમાં કામ કરવાનો આગ્રહ કરીના રાખતી હતી. કો-સ્ટાર્સની પસંદગીમાં નિશ્ચિત ગમા-અણગમા સાથે કામ કરનારી કરીના કપૂર ખાનના દિવસો સાચા અર્થમાં બદલાયા હોય તેમ લાગે છે. આયુષ્માન ખુરાનાને હજુ એ-ગ્રેડ સ્ટાર્સની કેટેગરીમાં સ્થાન મળ્યું નથી. એક્ટર તરીકે આયુષ્માનની પ્રશંસા થાય છે, પરંતુ કરીનાએ અગાઉ નક્કી કરેલા માપદંડો મુજબ તે મોટો સ્ટાર નથી. આયુષ્માન અને કરીનાને લીડ રોલમાં રાખી ડાયરેક્ટર મેઘના ગુલઝારે એક ફિલ્મ ફાઈનલ કરી હતી. ફિલ્મનું શૂટિંગ શરૂ થતાં પહેલાં જ આયુષ્માન ખુરાનાએ શૂટિંગ માટે સમય ન હોવાનું કારણ દર્શાવી ના પાડી દીધી છે. જેના કારણે ડાયરેક્ટરે રીપ્લેસમેન્ટ શોધવા તજવીજ હાથ ધરી છે. મેઘના ગુલઝારે કરીના કપૂર ખાનને લીડ રોલમાં રાખીને 'દાયરા' પ્લાન કરી હતી. આયુષ્માન ખુરાનાએ કરીના સાથે કામ કરવાનો ઉત્સાહ દર્શાવ્યો હતો, જેના કારણે ફિલ્મને ફલોર પર લઈ જવાની તૈયારીઓ શરૂ થઈ હતી. જો કે આયુષ્માન ખુરાના અત્યારે અમેરિકામાં મ્યૂઝિક ટૂર અને બોર્ડર ૨ના શૂટિંગમાં રોકાયેલો છે. જેના કારણે હાલ કરીના કપૂર ખાન સાથેની ફિલ્મનું શૂટિંગ કરવા માટે સમય નહીં હોવાની તેની દલીલ છે. રિપોટ્ર્સ મુજબ, આયુષ્માન ખુરાના તરફથી ફિલ્મની ટીમને તારીખો નહીં હોવા બાબતે જાણ કરી દેવાઈ છે.

# કૂલી-કાલિયા જેવા હીરો આપવાનું ભૂલી જવાય છે



સાઉથ ઈન્ડિયન સિનેમા અને બોલિવૂડ વચ્ચે ફરી ચર્ચા શરૂ થઈ ગઈ છે, કારણ કે ૨૦૨૪માં ફરી તેલુગુ સિનેમાએ બોક્સ ઓફિસ પર હિન્દી ફિલ્મો કરતાં સારું પ્રદર્શન કર્યું છે. ૨૦૨૩માં બોલિવૂડને 'જવાન', 'ગદર' અને 'એનિમલ'ની રિલીઝ સાથે થોડા સમય માટે જીવતદાન મળી ગયું હતું પરંતુ ૨૦૨૪ આવતા દર્શકોનો પ્રેમ ફરી સાઉથના સિનેમા તરફ વળી ગયો છે. ખાસ કરીને નાગ અશ્વિનની 'કલ્કિ ૨૮૯૮ એડી' તેલુગુ અને હિન્દી બંને ભાષામાં વર્ષની સૌથી સફળ ફિલ્મ સાબિત થઈ છે. બોલિવૂડની ફિલ્મો ઓડિયન્સને ઈમ્પ્રેસ કેમ નથી કરતી? તે અંગે અલ્લુ અર્જુને બોલ્ડ ઓપિનિયન આપ્યો હતો. આ ઓપિનિયને વિગતે સમજાવતાં ડાયરેક્ટર નિખિલ અડવાણીએ કહ્યું હતું કે, કૂલી અને કાલિયા જેવા હીરો આપવાનું બોલિવૂડ ભૂલી ગયું છે.

# જાન્હવી કપૂરની બીજી તેલુગુ ફિલ્મનું મૈસૂરુમાં શૂટિંગ શરૂ

### ડાયરેક્ટરે ચામંડેશ્વરી માતાના દર્શન બાદ શરૂઆત કરી

જુનિયર એનટીઆર સાથે 'દેવરા'ની રિલીઝ પછી જાન્હવીની બીજી તેલુગુ ફિલ્મનું શૂટિંગ શરૂ થયું છે. મૈસૂરુમાં ચામુંડેશ્વરી માતાના મંદિરમાં દર્શન બાદ ડાયરેક્ટર બુચી બાબુએ ફિલ્મની શરૂઆત કરી હતી. આ ફિલ્મમાં જાન્હવીની સાથે લીડ રોલમાં રામચરન છે. ફિલ્મની લીડ કાસ્ટ સોમવારથી શૂટિંગમાં જોડાઈ શકે છે. ડાયરેક્ટર બુચીએ સોશિયલ મીડિયા પર પોસ્ટ શેર કરી માતાના દર્શન બાદ શુભેચ્છકોના આશીર્વાદ માગ્યા હતા. જાન્હવીએ પ્રાર્થના અને તાળીઓની ઈમોજી સાથે આ પોસ્ટ પર રીએક્ટ કર્યું હતું. 'મગધીરા'માં રામચરન સાથે કામ કરનારા દેવ ગિલે પણ કોમેન્ટ કરી હતી. ફિલ્મમાં જગપતિ બાબુનો મહત્ત્વનો રોલ છે અને તેઓ પોતાના દમદાર રોલથી આખી ફિલ્મ પર છવાઈ જવા તૈયાર છે. જગપતિ અને રામચરને અગાઉ ડાયરેક્ટર સુકુમારની ફિલ્મ રંગસ્થલમમાં સાથે કામ કરેલું છે. જાન્હવી અને રામચરન પહેલી વાર સાથે કામ કરી રહ્યા છે. રામચરન અને જાન્હવીના સ્ક્રિન શેરના દૃશ્યો સોમવારે શૂટ થઈ શકે છે. આ ફિલ્મ માટે રામચરને આકરી મહેનત કરીને ફિઝિકલ ટ્રાન્સફોર્મેશન કર્યું છે. જાન્હવી અને રામચરન સાથે પાન ઈન્ડિયા ફિલ્મ બનાવવાનું આયોજન થયું છે. જાન્હવીએ જુનિયર એનટીઆર સાથે કરેલી 'દેવરા'ને બોક્સઓફિસ પર ઠંડો રિસ્પોન્સ મળ્યો હતો. રામચરન સાથેની આગામી ફિલ્મનું ટાઈટલ હજુ નક્કી થયું નથી. તેને હાલ આરસી૧૬ તરીકે ઓળખવામાં આવે છે. જાન્હવીની બીજી તેલુગુ ફિલ્મને કેવો રિસ્પોન્સ મળે છે તે જોવું રહ્યું.



# કેટરિના કૈફને ડાયાબિટીસ ! હાથ પર બ્લેક પેચ જોઈને ચાહકોની વધી ચિંતા

કેટરીના કૈફ હાલમાં જ એક નવરાત્રિ ઈવેન્ટમાં હાજરી આપી હતી. આ ઈવેન્ટમાં તે બ્લેક પેચ સાથે જોવા મળી હતી, જેને જોઈને ફેન્સ તેના સ્વાસ્થ્યની ચિંતા કરવા લાગ્યા હતા. આ બ્લેક પેચ જોઈને ચાહકો અનુમાન લગાવી રહ્યા છે કે તેને ડાયાબિટીસ છે કે કેમ. કેટરિના કૈફ માત્ર એક શાનદાર અભિનેત્રી જ નથી, પરંતુ એક સ્ટાઈલ આઈકોન પણ માનવામાં આવે છે, જે ફેશનના મામલે ક્યારેય પાછળ નથી રહેતી. તાજેતરમાં અભિનેત્રીએ નવરાત્રિના એક કાર્યક્રમમાં હાજરી આપી હતી, જેમાં તે સાડી પહેરેલી જોવા મળી હતી. આ દરમિયાન કેટલાક ચાહકોએ તેના હાથ પર કાળો ડાઘ જોયો, જેના કારણે ચાહકો તેના સ્વાસ્થ્યને લઈને ચિંતિત છે. આ જોઈને લોકોએ પૂછ્યું પણ, "શું તેને ડાયાબિટીસ છે?" કેટરીના કૈફ નવરાત્રી ઈવેન્ટમાં હાજરી આપવા મુંબઈના કાલીના એરપોર્ટ પર જોવા મળી હતી. કેટરીના એરપોર્ટ પર ટ્રેડિશનલ લુકમાં જોવા મળી હતી. અભિનેત્રીએ પીચ રંગની સાડી પહેરીને ઘણી હેડલાઈન્સ મેળવી હતી, જે તરુણ તાહિલિયાની દ્વારા ડિઝાઈન કરવામાં આવી હતી. આ ઈવેન્ટમાં કેટરીનાનો વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહ્યો છે. એક તરફ ચાહકો કેટરીનાની ફેશન સેન્સના વખાણ કરતા જોવા મળ્યા હતા.



# સારાએ સફળ જીવનનું શ્રેય કેદારનાથને આપ્યું

સારા અલી ખાનને કેદારનાથ પ્રત્યે કેટલી શ્રદ્ધા છે અને તે અનેક વખત કેદારનાથની મુલાકાત લે છે, તે તો તેના દરેક ફેન્સ જાણે છે. સારાની ડેબ્યુ ફિલ્મ 'કેદારનાથ' હતી. તાજેતરના એક ઈન્ટરવ્યૂમાં સારાએ કહ્યું કે આ સ્થળની પહેલી મુલાકાતે તેનું જીવન કઈ રીતે બદલ્યું અને તેને અંગત જીવન તેમજ કરિઅરમાં જે પણ સફળતાઓ મળી તેનું શ્રેય તેણે કેદારનાથને આપ્યું હતું. આ સ્થળ સાથેના તેના જોડાણ અંગે વાત કરતાં સારાએ કહ્યું, "જ્યારે હું પહેલી વખત કેદારનાથ ગઈ તો, હું એક એક્ટર નહોતી કે નહોતી હાલ છું એ વ્યક્તિ. આજે હું જે કંઈ પણ છું તે માત્ર આ જગ્યાને કારણે છું. જ્યારે પણ બુલાવો આવે છે ત્યારે હું ફરી તેમના દર્શન માટે પહોંચી જઉં છું અને મારું કામ કર્યા કરું છું."સારા કેદારનાથ ઉપરાંત પણ ભારતના ઘણા મંદિરોની મુલાકાત લેતી રહે છે અને તેની ધાર્મિકતા માટે જાણીતી છે. આ મુલાકાતો તે પોતાના સોશિયલ મીડિયા પર પણ શેર કરતી રહે છે, છતાં એક મુસ્લિમ પિતા અને હિન્દુ માતાની દિકરી થઈને મંદિરોની મુલાકાતો લેતી હોવાથી તેને ઘણી વખત ટ્રોલિંગનો પણ સામનો કરવો પડે છે. આ પ્રકારની નકારાત્મકતાઓનો સામનો કરવા અંગે સારાએ અગાઉના ઘણા ઈન્ટરવ્યૂમાં કહ્યું છે કે, તેનાથી તેને ખાસ ફરક પડતો નથી. જ્યાં સુધી તેના કામના વખાણ થતાં રહે છે, ત્યાં સુધી તે આ આસપાસના ઘોંઘાટ પર ધ્યાન આપતી નથી. સારાના કામની વાત કરવામાં આવે તો છેલ્લે તેણે કન્નન ઐયરની 'એ વતન મેરે વતન'માં કામ કર્યું હતું. આ ફિલ્મ ખાસ ચાલી ન હતી. અનુરાગ બાસુની આગામી ફિલ્મ 'મેટ્રો ઈન દિનોં'માં સારાનો લીડ રોલ જોવા મળશે.



# વિક્રાંત મેસ્સી સાથે શનાયા કપૂર ડેબ્યુ કરશે

### 'આંખો કી ગુસ્તાખિયાં' માં પ્રજ્ઞાચક્ષુ સંગીતકાર સાથે શનાયાની લવ સ્ટોરી

શનાયા કપૂર પણ હવે તેના અન્ય ભાઈ-બહેનોની જેમ બોલિવૂડમાં ડેબ્યુ કરવા જઈ રહી છે. સંજય કપૂર અને મહીપ કપૂરની દિકરી શનાયા વિક્રાંત મેસ્સી સાથે 'આંખો કી ગુસ્તાખિયાં' ફિલ્મ સાથે બોલિવૂડમાં એન્ટ્રી કરશે.આ અંગેના કેટલાંક અહેવાલો આવતાં થયાં છે, જે મુજબ શનાયા આ ફિલ્મમાં એક થિએટર એક્ટ્રેસના રોલમાં જોવા મળશે. જ્યારે વિક્રાંત એક પ્રજ્ઞાચક્ષુ સંગીતકારના રોલમાં જોવા મળશે. તેમની બંને વચ્ચેની આ એક લવ સ્ટોરી છે. એવું માનવામાં આવે છે કે રસ્કિન બોન્ડની સ્ટોરી 'ધ આઈઝ હેવ ઈટ' પરથી આ ફિલ્મ બની છે. જેમાં કરૂણા, આઝાદી અને મહત્વકાંક્ષાઓ જેવી લાગણીઓ એક સંગીતપ્રધાન વાર્તામાં સુંદરતાથી વણી લેવામાં આવશે. જેમાં કેટલાંક સરપ્રાઈઝિંગ ટ્વિસ્ટ્સ પણ હશે.આ ફિલ્મ નિરંજન આયંગર અને માનસી બગલા દ્વારા લખવામાં આવી છે, શરૂઆતમાં નિરંજન આયંગર આ ફિલ્મ ડિરેક્ટ કરવાના હોવાના અહેવાલો હતો. પરંતુ ઈમોશનલ વાર્તાઓ ડિરેક્ટ કરવામાં જેની માસ્ટરી છે એવા સંતોષ સિંઘ હવે આ ફિલ્મ ડિરેક્ટ કરવાના છે. જે પહેલાં 'બ્રોકન બટ બ્યુટીફૂલ' અને 'અપહરણ' જેવી ફિલ્મો ડિરેક્ટ કરી ચૂક્યા છે. આ ફિલ્મના પ્રોડ્યુસર માનસી અને વરુણ બગલા આ પહેલાં વિક્રાંત મેસ્સી સાથે ઓટીટી શો 'ફોરેન્સિક'ની રીમેક પર કામ કરી ચૂક્યા છે.શનાયાને આ ફિલ્મ માટે કાસ્ટ કરવામાં આવી એ પહેલાં આ રોલ માટે તારા સુતરીયા, અલાયા એફ અને પ્રતિભા રાંટા જેવા નામો પર ચર્ચા થઈ હતી. પહેલાં તે 'બેધડક'થી ડેબ્યૂ કરવાની હતી.



CMYK

## શંભુ બોર્ડરથી ખેડૂતોની કૂચ । કિસાનોએ બેરિકેડ તોડીને આગળ વધવાનો પ્રયાસ કર્યો

# પોલીસે ખેડૂતો પર ટીયર ગેસના શેલ છોડ્યા । કિસાનોની અટકાયત

### મરજીવાડા જૂથના ૧૦૧ ખેડૂતોની દિલ્હી કૂચ શરૂ થઈ હતી કૂચને કારણે અંબાલામાં ઈન્ટરનેટ સેવા બંધ કરી દેવામાં આવી હતી

। નવીદિલ્હી,તા.૬ ।

ખેડૂતોના મરજીવાડા જૂથના ૧૦૧ ખેડૂતોની દિલ્હી કૂચ શરૂ થઈ હતી કૂચને કારણે અંબાલામાં ઈન્ટરનેટ સેવા બંધ કરી દેવામાં આવી હતી અહીં ૯મી ડિસેમ્બર સુધી ઈન્ટરનેટ બંધ રાખવાનો આદેશ આપવામાં આવ્યો છે. પંજાબની ખનૌરી બોર્ડર પર છેલ્લા ૧૦ મહિનાથી પડાવ નાખીને બેઠેલા ખેડૂતોનું એક જૂથ આજે દિલ્હી તરફ કૂચ કરી હતી. ખનૌરી બોર્ડર પર ભૂખ હડતાળ પર બેઠેલા ખેડૂતોએ દરેક ઘરમાંથી એક વ્યક્તિ આવવાની હાકલ કરી છે. વિવિધ માંગણીઓ માટે વિરોધ કરી રહેલા ખેડૂતોએ શંભુ બોર્ડર પર બેરિકેડ તોડીને આગળ વધવાનો પ્રયાસ કર્યો હતો. વિવિધ માંગણીઓ માટે વિરોધ કરી રહેલા ખેડૂતોને શંભુ બોર્ડર પર દિલ્હી તરફ જતા અટકાવવામાં આવ્યા હતોં. વિરોધ કરી રહેલા ખેડૂતોએ શંભુ બોર્ડર પર પોલીસે લગાવેલા કાંટાળા તાર તોડી નાખ્યા હતા અને બેરિકેડ હટાવી દીધા હતા. ખેડૂતો દિલ્હી જવા માટે મક્કમ છે.







### પોલીસે ખેડૂતોને ઘેરી લીધા અને તેમને બસોમાં બેસાડી દીધા

પોલીસે ખેડૂતોને ઘેરી લીધા અને તેમને બસોમાં બેસાડી દીધા. ધરપકડ દરમિયાન પોલીસ અને ખેડૂતો વચ્ચે ઘણી ધક્કામુક્કી અને ધક્કામુક્કી થઈ હતી. આ દરમિયાન પરી ચોકમાં આવતા અનેક યુવકોએ વીડિયો બનાવવાનો પ્રયાસ કર્યો હતો. તે પણ પોલીસના હાથે ઝડપાઈ ગયો હતો અને ખેડૂતો સાથે તેને જેલમાં મોકલવામાં આવ્યો હતો.મહિલાઓ સાથે પચાસથી વધુ ખેડૂતો સૂત્રોચ્ચાર કરતા પરી ચોક પહોંચ્યા હતા. ત્યારે પોલીસ, પીએસી અને આરપીએફના જવાનોએ ખેડૂતો અને મહિલાઓને ઘેરી લીધા હતા અને પચાસથી વધુ ખેડૂતો અને મહિલાઓની પોલીસે પરી ચોકમાંથી ધરપકડ કરી જેલમાં ધકેલી દીધા હતા.

### દિલ્હી પોલીસ એલર્ટ પર છે અને સરહદ પર સુરક્ષા કડક કરવામાં આવી


પોલીસે ખેડૂતોને વિખેરવા માટે ટીયર ગેસના શેલ છોડ્યા હતા. ઘટનાસ્થળે સ્થિતિ તંગ છે પરંતુ પોલીસના નિયંત્રણમાં છે. જો કે સુરક્ષા દળોએ તેમને દિલ્હી તરફ જતા અટકાવ્યા હતાં દિલ્હી પોલીસે માર્ચ પહેલા સરહદો પર સુરક્ષા કડક કરી દીધી હતી જોકે ખેડૂતોએ બેરિકેડ તોડવાનો પ્રયાસ કર્યો હતો જેને કારણે ભારે નાસભાગ મચી ગઈ હતી આ દરમિયાન પોલીસે ખેડૂતો પર ટીયરગેસના છેડ છોડાયા હતાં એક વરિષ્ઠ પોલીસ અધિકારીના જણાવ્યા અનુસાર, "દિલ્હી પોલીસ એલર્ટ પર છે અને સરહદ પર સુરક્ષા કડક કરવામાં આવી છે. હાલમાં, સિંઘુ બોર્ડર પર થોડી સંખ્યામાં દળો તૈનાત કરવામાં આવ્યા છે

### કલમ ૧૬૩ હેઠળ એક આદેશ જારી કર્યો

દાનકૌર સહિત અન્ય ગ્રામીણ વિસ્તારોમાં ગ્રેટર નોઈડાના ઝીરો પોઈન્ટ સુધી પહોંચવા માટે હાકલ કરી હતી. આ દરમિયાન પૂર્વ સતર્કતા પોલીસે મહિલા કોન્સ્ટેબલની મદદથી મહિલાઓ સહિત ૧૦૦થી વધુ ખેડૂતોની અટકાયત કરી જેલ હવાલે કર્યા હતા. જો કે પોલીસે જેલમાં પહોંચ્યા બાદ મહિલા ખેડૂતોને મુક્ત કર્યા હતા, પરંતુ તેમની સાથે આવેલા ૪૨ પુરૂષ ખેડૂતોને જેલમાં દાખલ કરવામાં આવ્યા છે. જ્યાં તમામ ખેડૂતોને કોમન બેરેકમાં રાખવામાં આવ્યા હતાં તે જ સમયે, પોલીસ અધિકારીઓએ કહ્યું કે જે ખેડૂતો ઝીરો પોઈન્ટથી દલિત પ્રેરણા સ્થળ નોઈડા તરફ પરવાનગી વિના વિરોધ કરવા માટે આવ્યા હતા તેમની ધરપકડ કરવામાં આવી છે. બુધવારે મોડી સાંજે મુક્ત કરાયેલા ખેડૂતો મહાપંચાયતમાં પહોંચ્યા હતા અને આંદોલનને ઉગ્ર બનાવવા જણાવ્યું હતું.

---

### અનુષ્કા શર્મા ઇન્ડસ્ટ્રીના ખાનથી ખૂબ જ ડરે છે, તેણે પોતે જ જણાવ્યું



। મુંબઇ, તા.૨ ।

શાહરૂખ ખાન સાથે ફિલ્મ 'રબ ને બના દી જોડી'થી બોલિવૂડમાં ડેબ્યૂ કરનાર અનુષ્કા શર્મા તેની એક્ટિંગની સાથે પોતાની બબલી અને સ્પષ્ટવક્તા સ્ટાઇલ માટે પણ ફેમસ છે. દરેક વ્યક્તિ જાણે છે કે અનુષ્કા ખૂબ જ રમુજી છે અને તે સરળતાથી મિત્રો બનાવે છે. આ જ કારણ છે કે ઈન્ડસ્ટ્રીમાં અભિનેત્રીના માત્ર એક નહીં પરંતુ ઘણા નજીકના મિત્રો છે. પરંતુ અહીં અમે તમને તે અભિનેતાનો પરિચય કરાવી રહ્યા છીએ. જેના કારણે અનુષ્કા પણ ખૂબ ડરી ગઈ છેઅનુષ્કા શર્માએ પોતાના અભિનય કરિયરમાં અત્યાર સુધી ઘણી સુપરહિટ ફિલ્મોમાં કામ કર્યું છે. આટલું જ નહીં તે અભિનેત્રીઓની યાદીમાં અનુષ્કાનું નામ પણ સામેલ છે. જેણે ઈન્ડસ્ટ્રીના ત્રણેય ખાન એટલે કે શાહરૂખ, આમિર અને સલમાન ખાન સાથે કામ કર્યું છે.હવે તમે વિચારતા હશો કે આટલા મોટા સ્ટાર્સ સાથે કામ કરી ચૂકેલી અનુષ્કા ક્યા એક્ટરથી ડરે છે.

### જ્યારે હું રાજ્યસભામાં જાઉં છું ત્યારે ૫૦૦ રૂપિયા લઉં છું : મનુ સિંઘવી

# રાજ્યસભામાં કોંગ્રેસના સાંસદ અભિષેક મનુ સિંઘવીની સીટ પરથી નોટોનું બંડલ મળી આવ્યું

### રાજ્યસભામાં તપાસ દરમિયાન, સુરક્ષા અધિકારીઓને અભિષેક મનુ સિંઘવીની સીટ નીચેથી નોટોનો એક વાડ મળ્યો હતો

। નવીદિલ્હી, તા.૬ ।

રાજ્યસભામાં કોંગ્રેસના સાંસદ અભિષેક મનુ સિંઘવીની સીટ પરથી ચલણી નોટોના બંડલ મળવાનો મામલો સામે આવ્યો છે. વાસ્તવમાં, ગઈ કાલે રાજ્યસભામાં તપાસ દરમિયાન, સુરક્ષા અધિકારીઓને અભિષેક મનુ સિંઘવીની સીટ નીચેથી નોટોનો એક વાડ મળ્યો હતો. આ મુદ્દે આજે રાજ્યસભામાં ભારે હોબાળો થયો હતો. રાજ્યસભાના અધ્યક્ષ જગદીપ ધનખરે કહ્યું, "હું સભ્યોને જણાવવા માંગુ છું કે ગઈકાલે ગૃહ સ્થગિત થયા પછી ગૃહની નિયમિત તપાસ દરમિયાન, સુરક્ષા અધિકારીઓએ સીટ નંબર ૨૨૨ પરથી ચલણી નોટોના બંડલ જપ્ત કર્યા, તેમણે કહ્યું હતું કે આ બેઠક અભિષેક મનુ સિંઘવીની છે. હાલમાં તેઓ તેલંગાણામાં છે. તેમણે કહ્યું કે આ બાબતની તપાસ સોંપવામાં આવી



છ તેમણે એમ પણ કહ્યું કે એ સ્પષ્ટ નથી કે આ નોટ અસલી છે કે નકલી. કોંગ્રેસ અધ્યક્ષ અને ગૃહમાં પક્ષના નેતા મલ્લિકાર્જુન ખડગેએ અધ્યક્ષને કોઈ એક પક્ષ સાથે જોડવા પર સવાલ ઉઠાવ્યા. તેમણે કહ્યું કે જ્યારે ઘટનાની તપાસ થશે ત્યારે સ્પષ્ટ થશે કે દોષિત કોણ છે, પરંતુ અત્યારે કોઈને સીધો દોષ આપવો યોગ્ય નથી. હું વિનંતી કરું છું કે જ્યાં સુધી તપાસ પૂર્ણ ન થાય અને ઘટનાની સત્યતા સ્થાપિત ન થાય ત્યાં સુધી કોઈપણ સભ્યનું નામ જાહેર કરવામાં ન આવે. તેના પર અધ્યક્ષે કહ્યું કે તેમણે માત્ર સીટ નંબર વિશે માહિતી આપી છે અને તેને કોઈ ખાસ પાર્ટી સાથે જોડ્યું નથી. રાજ્યસભામાં કેન્દ્રીય મંત્રી જે.પી. નડ્ડાએ કહ્યું, "આ ઘટના ખૂબ જ અસાધારણ છે. તેનાથી ગૃહની ગરિમાને ઠેસ પહોંચી છે. સાહેબ, મને તમારા નિર્ણય પર વિશ્વાસ છે કે વિગતવાર તપાસ કરવામાં આવશે.

### રિલીઝ થાય તે પહેલાં ૪ ડિસેમ્બરની સાંજે થયું હતું

# પુષ્પા ૨ ના પ્રીમિયર દરમિયાન મહિલાનું મોત । અલ્લુ અર્જુન સામે કેસ નોંધાયો

### અલ્લુ અર્જુનની એક ઝલક મેળવવા ચાહકો કાબૂ બહાર ગયા અને થિયેટરમાં નાસભાગ મચી ગઈ

। હૈદરાબાદ,તા.૬ ।

અલ્લુ અર્જુનની નવી ફિલ્મ પુષ્પા ૨: ધ રૂલનું પ્રીમિયર ૫મી ડિસેમ્બરે રિલીઝ થાય તે પહેલાં ૪ ડિસેમ્બરની સાંજે થયું હતું. અલ્લુ અર્જુન અભિનેત્રી રશ્મિકા મંદન્ના અને ફિલ્મની ટીમ તેમના પરિવાર અને ચાહકો સાથે હૈદરાબાદના સંધ્યા થિયેટરમાં ફિલ્મનું સ્ક્રીનિંગ જોવા માટે પહોંચી હતી, પરંતુ આ દરમિયાન એક દુઃખદ ઘટના બની હતી. અલ્લુ અર્જુનની એક ઝલક મેળવવા ચાહકો કાબૂ બહાર ગયા અને થિયેટરમાં નાસભાગ મચી ગઈ, જેમાં એક મહિલા ચાહકનું મૃત્યુ થયું અને તેના નાના પુત્રને ઈજાઓ સાથે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો. તે જ સમયે, હવે આ માટે અલ્લુ અર્જુન વિરુદ્ધ કેસ નોંધવામાં આવ્યો છે.થિયેટરમાં નાસભાગ માટે અલ્લુ અર્જુન વિરુદ્ધ કેસ નોંધવામાં આવ્યો છે. નાસભાગને કારણે એક મહિલાનું મોત થયું હતું અને તેના પુત્રને હોસ્પિટલમાં દાખલ કરવો પડ્યો હતો. પોલીસનો આરોપ છે કે અભિનેતા પોલીસને જાણ કર્યા વિના સ્થળ પર પહોંચી ગયો હતો, જેના કારણે અરાજકતા સર્જાઈ હતી. વધારાની સુરક્ષા અને ભીડ વ્યવસ્થાપનની જોગવાઈઓ ન કરવા બદલ થિયેટર મેનેજમેન્ટ સામે પણ કેસ નોંધવામાં આવ્યો હતો. અભિનેતાની નવીનતમ ફિલ્મ 'પુષ્પા ૨: ધ રૂલ'ના પ્રીમિયર શો દરમિયાન અહીં એક મૂવી થિયેટરમાં ભીડને કારણે ગૂંગળામણને કારણે એક મહિલાના મૃત્યુના સંબંધમાં અભિનેતા અલ્લુ અર્જુન અને અન્ય લોકો સામે ગુરૂવારે કેસ કરવામાં આવ્યો છે નોંધાયેલ.પોલીસના જણાવ્યા અનુસાર પીડિતાની ઓળખ ૩૫ વર્ષીય રેવતી તરીકે થઈ છે.

### રશ્મિકા મંદાન્નાએ બે અભિનેતાઓને પોતાની સફળતાનો શ્રેય આપ્યો



। મુંબઇ, તા.૩ ।

શ્રીવલ્લી તરીકે ઓળખાતી રશ્મિકા મંદાન્નાએ ફરી એકવાર દર્શકોના દિલ જીતી લીધા છે. અભિનેતા હાલમાં 'પુષ્પા ૨' માં તેના અભિનય માટે વખાણ કરી રહ્યો છે. ચાહકોની પ્રશંસા પર પ્રતિક્રિયા આપતા, રશ્મિકાએ અલ્લુ અર્જુન અને રણબીર કપૂરને 'તે આજે છે તે અભિનેતાઓ' માટે શ્રેય આપ્યો છે.એક એકસ યુઝરે એનિમલ ફિલ્મ માટે રણબીર કપૂર અને પુષ્પા ૨ માટે અલ્લુ અર્જુન સાથે રશ્મિકા મંદાન્નાનો ફોટો શેર કરી લખ્યું છે કે, "રશ્મિકા મંદાન્ના નામની એક છોકરી પર બે આલ્ફા પુરુષોનું વર્ચસ્વ છે." આના પર, અભિનેત્રીએ વળતો જવાબ આપ્યો, "આ માણસો સાથે અભિનય કરીને મારા માટે ખૂબ જ ઊંચો દર સ્થાપિત કર્યો છે. આ એકદમ પાગલપણ જેવું છે અને હું ખૂબ જ ખુશ છું. હું આજે જે છું તે આ બે અભિનેતાઓને કારણે છું.ચાહકોએ રશ્મિકાના નિવેદન પર પ્રતિક્રિયા આપી છે, જેમાં એકે ટિપ્પણી કરી, "જ્યારે તેનું પ્રદર્શન (પર્ફોમન્સ) છે ત્યારે રશ્મિકાએ તેનું શ્રેષ્ઠ પ્રદર્શન કર્યું છે."

### આગામી સત્રથી યુજીના વિદ્યાર્થીઓ વર્ષમાં બે વખત પ્રવેશ લઈ શકશે

। નવીદિલ્હી, તા.૬ ।

દેશના ઉચ્ચ શિક્ષણને સુધારવા માટે સમયાંતરે પ્રયાસો કરવામાં આવી રહ્યા છે ત્યારે ફરી એકવાર શિક્ષણમાં મોટું પરિવર્તન થવા જઈ રહ્યું છે. વિદ્યાર્થીઓ માટે ઐતિહાસિક નિર્ણય લેવામાં આવ્યો છે.યુજીસી દ્વારા વિદ્યાર્થીઓ માટે મહત્વનો નિર્ણય લેવામાં આવ્યો છે. આગામી સત્રથી વિદ્યાર્થીઓ વર્ષમાં બે વખત પ્રવેશ લઈ શકશે. હાપ યુજીસીએ ડ્રાફ્ટ રેગ્યુલેશન બહાર પાડ્યું છે. વિદ્યાર્થીઓ જુલાઈ-ઓગસ્ટ અને જાન્યુઆરી-ફેબ્રુઆરીમાં પ્રવેશ લઈ શકશે.આ નવો નિર્ણય નવી શિક્ષણ નીતિ ૨૦૨૦ હેઠળ લેવામાં આવ્યો છે. વિદ્યાર્થીઓના રજિસ્ટ્રેશનમાં વધારો કરવા માટે આગામી સત્રથી પ્રવેશ, અભ્યાસ, ડિગ્રી અને મૂલ્યાંકનના નિયમોમાં મોટો ફેરફાર કરવામાં આવનાર છે. હવેથી ૧૨મું પાસ વિદ્યાર્થીઓ યુજી અથવા પીજી કોર્સના કોઈપણ પ્રવાહમાં પ્રવેશ લઈ શકશે. અમુક શરતોને આધીન એડમિશન લઈ શકાય છે. રાષ્ટ્રીય કક્ષાની પરીક્ષામાં કોઈપણ પ્રવાહની પસંદગી થઈ શકે છે.

### જામા મસ્જિદમાં શુક્રવારની નમાજ દરમિયાન ઇમામ બુખારી રડ્યા

। નવીદિલ્હી, તા.૬ ।

જામા મસ્જિદના ઈમામ સૈયદ અહમદ બુખારી દિલ્હીમાં શુક્રવારની નમાજ દરમિયાન રડી પડ્યા હતા. બુખારીએ કહ્યું કે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ દેશના મુસ્લિમો સાથે વાત કરવી જોઈએ. પીએમ મોદીએ ત્રણ હિન્દુ અને ત્રણ મુસ્લિમોને વાતચીત માટે બોલાવવા જોઈએ.બુખારીએ કહ્યું, 'પીએમ મોદી સાહેબ, બહુ થયું. તમે જે ખુરશી પર બેઠા છો. તમે ન્યાય કરો. મુસ્લિમોના દિલ જીતી લો. તે નાના-નાના લોકો દેશનું વાતાવરણ બગાડી રહ્યા છે. તમે કૃપા કરીને ધીરજ રાખો.આ સાથે ઈમામ સૈયદ અહમદ બુખારીએ કહ્યું કે,એએસઆઇએ અમને કહ્યું છે કે દિલ્હી જામા મસ્જિદનો સર્વે કરવાનો અમારો કોઈ ઈરાદો નથી.

### પુતિને વડા પ્રધાન નરેન્દ્ર મોદીની પ્રશંસા કરી છે

### રશિયાના રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિન પીએમ મોદીની 'મેક ઈન ઈન્ડિયા' પહેલથી આશ્વાસન થઈ ગયા છે

# પીએમ મોદીની ઈન્ડિયા ફર્સ્ટ નીતિના કારણે આજે ત્યાં સ્થિર સ્થિતિ છે : પુતિન

। મોસ્કો, તા.૬ ।



રશિયાના રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિન પીએમ મોદીની 'મેક ઈન ઈન્ડિયા' પહેલથી આશ્વાસન થઈ ગયા છે. તેમણે આવી અદ્ભુત પહેલ અને નીતિઓ માટે વડા પ્રધાન નરેન્દ્ર મોદીની પ્રશંસા કરી છે જેણે ભારતમાં સ્થિર સ્થિતિ ઊભી કરી છે. રાષ્ટ્રપતિએ ભારતમાં રશિયન ઉત્પાદન એકમો સ્થાપવાની પણ ઓફર કરી છે. બુધવારે મોસ્કોમાં ૧૫મા વીટીબી ઈન્વેસ્ટમેન્ટ ફોરમને સંબોધતા પુતિને કહ્યું કે આયાત અવેજી કાર્યક્રમ હેઠળ, રશિયન માર્કેટમાંથી બહાર નીકળી ગયેલી પશ્ચિમી બ્રાન્ડ્સની જગ્યાએ નવી રશિયન બ્રાન્ડ્સ ઉભરી આવી છે. આ પહેલા પણ રશિયાના રાષ્ટ્રપતિએ ઘણી વખત પીએમ મોદીના કામ અને તેમના નેતૃત્વના વખાણ કર્યા હતા.પુતિને રશિયાના આયાત અવેજી કાર્યક્રમને ભારતની 'મેક ઈન ઈન્ડિયા' પહેલ જેવો જ ગણાવ્યો અને કહ્યું કે ભારતનું નેતૃત્વ તેના હિતોને પ્રાથમિકતા આપવાની નીતિ પર કેન્દ્રિત છે. પુતિને કહ્યું, "વડાપ્રધાન મોદીનો પણ આવો જ એક કાર્યક્રમ 'મેક ઈન ઈન્ડિયા' છે. તે અમારા કાર્યક્રમ જેવો જ છે." તેમણે કહ્યું કે મેન્યુફેક્ચરિંગને પ્રોત્સાહન આપવા અને વિદેશી રોકાણને આકર્ષિત કરવાના ઉદ્દેશ્ય સાથે શરૂ કરવામાં આવેલી 'મેક ઈન ઈન્ડિયા' પહેલે વૈશ્વિક અર્થતંત્રમાં ભારતની સ્થિતિને મજબૂત કરવામાં મહત્વની ભૂમિકા ભજવી છે. રશિયન રાષ્ટ્રપતિએ કહ્યું, "ભારતના વડા પ્રધાન અને ભારત સરકાર સ્થિર પરિસ્થિતિઓ બનાવી રહ્યા છે.રાષ્ટ્રપતિ પુતિન પીએમ મોદીની દેશ પ્રથમ નીતિથી ખૂબ જ પ્રભાવિત છે. તેમણે કહ્યું કે ભારતમાં આજે જે સ્થિર સ્થિતિ છે તે એટલા માટે છે કારણ કે ભારતીય નેતૃત્વ ભારતને પ્રથમ સ્થાન આપવાની નીતિને અનુસરી રહ્યું છે.

### સુનામીનો ખતરો નથી

### કેલિફોર્નિયાના દરિયાકાંઠે ૭.૦ની તીવ્રતાનો શક્તિશાળી ભૂકંપ આવ્યો હતો । તેનું કેન્દ્ર ફર્ન્ડેલથી લગભગ ૧૦૦ કિલોમીટર દક્ષિણપશ્ચિમમાં હતું

# અમેરિકાના કેલિફોર્નિયામાં ભૂકંપના જોરદાર આંચકા

। કેલિફોર્નિયા,તા.૬ ।

અમેરિકાના કેલિફોર્નિયામાં ૬ ડિસેમ્બરે ભૂકંપના તીવ્ર આંચકા અનુભવાયા હતા. યુએસ જીઓલોજિકલ સર્વે (યુએસજીએસ) અનુસાર, કેપ મેન્ડોસિનો, કેલિફોર્નિયાના દરિયાકાંઠે ૭.૦ની તીવ્રતાનો શક્તિશાળી ભૂકંપ આવ્યો હતો. તેનું કેન્દ્ર ફર્ન્ડેલથી લગભગ ૧૦૦ કિલોમીટર દક્ષિણપશ્ચિમમાં હતું. ભૂકંપ ઉત્તરી કેલિફોર્નિયાના દરિયાકાંઠે ૬ ડિસેમ્બરે ભારતીય સમય અનુસાર સવારે ૧૨:૨૪ વાગ્યે



આવ્યો હતો. આ પછી સુનામીની ચેતવણી જારી કરવામાં આવી હતી, જેને પાછળથી પાછી ખેંચી લેવામાં આવી હતી. નેશનલ સેન્ટર ફોર સિસ્મોલોજીએ ટ્વિટર પર એક પોસ્ટ શેર કરતા લખ્યું, "ભૂકંપની તીવ્રતા ૭.૦ની તીવ્રતા હતી. ભૂકંપ ઉત્તરી કેલિફોર્નિયાના દરિયાકાંઠે ૬ ડિસેમ્બરે મોડી રાત્રે આવ્યો હતો."ભૂકંપનું કેન્દ્ર જમીનથી ૧૦ કિલોમીટર નીચે હતું.

ભૂકંપનું કેન્દ્ર સમુદ્ર કિનારે હતું અને તેની તીવ્રતા પણ ઘણી વધારે હતી. આવી સ્થિતિમાં અધિકારીઓએ સુનામીની આશંકા વ્યક્ત કરી હતી, પરંતુ બાદમાં તેને પાછી ખેંચી લેવામાં આવી હતી. આ ધરતીકંપ મેન્ડોસિનો ટ્રિપલ જંક્શન ખાતે થયો હતો, જ્યાં પેસિફિક, ઉત્તર અમેરિકા અને જુઆન ડી ફુકા/ગોર્ડા પ્લેટો મળે છે અને મેન્ડોસિનો ફ્રેક્ચર ઝોન પર સ્ટ્રાઇક-સ્લિપ ફોલ્ટિંગને કારણે થયું હોવાનું માનવામાં આવે છે.યુએસજીએસએ તેની સત્તાવાર વેબસાઈટ પર અહેવાલ આપ્યો છે કે ૫ ડિસેમ્બર, ૨૦૨૪ ના રોજ, દરિયાકિનારે ડોકિનો ફ્રેક્ચર ઝોનની નજીકમાં કેપ મેડોસિનોમાં ૭.૦ તીવ્રતાનો ભૂકંપ આવ્યો હતો. તેનું કેન્દ્ર ઉત્તરી કેલિફોર્નિયાના દરિયાકિનારે કેલિફોર્નિયાના ફર્ન્ડેલથી લગભગ ૧૦૦ કિમી દક્ષિણપશ્ચિમમાં હતું. "આ ધરતીકંપ મેન્ડોસિનો ટ્રિપલ જંકશનની નજીકમાં આવ્યો હતો - તે વિસ્તાર જ્યાં પેસિફિક, ઉત્તર અમેરિકા અને જુઆન ડી ફુકા/ગોર્ડા પ્લેટો મળે છે."

# દ્વારકાના ભાણવડમાંથી પોલીસે દારૂ બનાવાની ર ભઠ્ઠીઓ ઝડપી

| દ્વારકા, તા.૬ |

દ્વારકાના ભાણવડમાંથી પ ોલીસે દારૂ બનાવાની ર ભઠ્ઠીઓ ઝડપી છે. પોલીસે માહિતીને આધારે બરડા ડુંગર વિસ્તારમાંથી દેશી દારૂની ભઠ્ઠીઓ ઝડપી લીધી હતી. પોલીસે રેડ કરતા દેશી દારૂ અને આથાનો જથ્થો ઝડપાયો હતો.ભાણવડ પોલીસે વી,નેશ વિસ્તારમાં રેઈડ કરતા દેશીદારૂ અને આથાનો મસમોટો જથ્થો હાથ લાગ્યો હતો. પોલીસે આ કેસમાં આથો, દેશી દારૂ સહિત ૯૫,૫૦૦ની કિંમતનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો. બીજીતરફ ભરત શામળા અને ભુદા મોરી નામના બંને શખ્સો ફરાર થઈ ગયા હતા. જેને પગલે પોલીસે ફરાર શખ્સો વિરુદ્ધ ગુન્હો નોંધી કાર્યવાહી હાથ ધરી છે. દ્વારકાના ભાણવડમાંથી પ ોલીસે દારૂ બનાવાની ર ભઠ્ઠીઓ ઝડપી છે. પોલીસે માહિતીને આધારે બરડા ડુંગર વિસ્તારમાંથી દેશી દારૂની ભઠ્ઠીઓ ઝડપી લીધી હતી. પોલીસે રેડ કરતા દેશી દારૂ અને આથાનો જથ્થો ઝડપાયો હતો.




























**Printer, Publisher & Owner :** Avesh K. Malaviya, **Printed** at Bhoomi Offset, Bhatiyavadi, Opp. Railway Station, Kalupur, Ahmedabad 380002 and **Published** From G-1301, Sardar Patel Nagar, Shastrinagar Char Rasta, Near Anmol Tower, Naranpura, Ahmedabad-380013. **Mob.**98252 52125 **Email :** lokpatrikadaily@gmail.com **website :** www.lokpatrika.in **Editor :** Avesh K. Malaviya